RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 48* Date: 14.12.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું

## કાશી તો અવિનાશી છે, અહીં એક જ સરકાર છે,જેના હાથમાં ડમરું છે : વડાપ્રધાન મોદી



વારાણસી,તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું. મોદીએ ૨૦૧૪ની ચૂંટણીમાં વારાણસી લોકસભા સીટથી નામાંકન કર્યા બાદ નિવેદન આપ્યું હતું કે મા ગંગાએ બોલાવ્યો છે. મા ગંગા અને કાશી સંલગ્ન સૌથી મોટું વચન પીએમ મોદીએ આજે પૂરું કર્યું અને કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જયારે હું બનારસ આવ્યો હતો ત્યારે મને વિશ્વાસ હતો. મને મારા કરતા બનારસના લોકો પર વિશ્વાસ હતો. કેટલાક લોકો કહેતા હતા કે કેવી રીતે થશે? આ તો થશે જ નહીં. મોદી જેવા અનેક લોકો આવીને જતા રહ્યા. બનારસ વિશે ધારણાઓ બનવા લાગી. આ જડતા બનારસની નહતી. અંગત સ્વાર્થ માટે બનારસ પર આરોપ લગાવવામાં આવ્યા. તેમણે કહ્યું કે કાશી તો કાશી છે, કાશી અવિનાશી છે. કાશીમાં એક જ સરકાર છે, જેના હાથમાં ડમરું છે, તેની સરકાર છે. જયાં ગંગા પોતાની ધારા બદલીને વહેતી હોય, તે કાશીને ભલા કોણ રોકી શકે? અહીં બધુ મહાદેવની ઈચ્છાથી થાય છે. જે પણ કઈ થયું તે બધુ મહાદેવે કર્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણા પુરાણોમાં કહ્યું છે કે જેવો કોઈ કાશીમાં પ્રવેશ કરે છે તમામ બંધનોથી મુક્ત થઈ જાય છે. ભગવાન વિશ્વેશ્વરના આશીર્વાદ, એક અલૌકિક ઉર્જા અહીં આવતા જ આપણા અંતરાત્માને જાગૃત કરી દે છે. તેમણે વધુમાં કહ્યું કે તમે જયારે અહીં આવશે તો ફક્ત આસ્થાના દર્શન નહીં કરો. પ્રાચીનતા અને નવીનતા એક સાથે સજીવ થઈ રહી છે, કેવી રીતે પુરાતનની પ્રેરણાઓ ભવિષ્યને દિશા આપી રહી છે તેના પણ સાક્ષાત દર્શન વિશ્વનાથ ધામ પરિસરમાં આપણે કરી રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું કે એવું લાગે છે કે આપણું સમગ્ર ચેતન બ્રહ્માંડ સાથે જોડાયેલું છે. વિશ્વનાથ ધામના આ આયોજનથી સમગ્ર વિશ્વ જોડાયેલું છે. આજે ભગવાન શિવનો પ્રિય દિવસ સોમવાર છે. આજે એક નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે. અહીં આજે જે આસપાસ પ્રાચિન મંદિર લુપ્ત થઈ ગયા હતા તેમને ફરીથી સ્થાપવામાં આવ્યા છે. વિશ્વનાથ ધાનું આ સમગ્ર પરિસર એક ભવન ભર નથી. તે ભારતની પ્રાચિનતાનું પ્રતિક છે, ઉર્જાશીલતાનું પ્રતિક છે. અહીં તમને તમારા ભૂતકાળના ગૌરવનો અનુભવ થશે.

પીએમ મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું. હજારો વર્ષની પ્રતિક્ષાનો અંત આવ્યો. પીએમ મોદીએ કહ્યું કે બાબા વિશ્વનાથના ચરણોમાં શીશ નમાવું છું. હમણા જ હું બાબા સાથે નગર કોટવાલ કાળ ભૈરવજીના પણ દર્શન કરીને આવું છું. કાશીમાં કઈ પણ નવું થાય તો સૌથી પહોલા તેમને પૂછવું જરૂરી છે.

સીએમ યોગીએ ઉદ્ઘાટન સમારોહને સંબોધતા કહ્યું કે હજારો વર્ષોની પ્રતિક્ષા આજે પૂરી થઈ. ભારતમાતાના મહાન સપૂતે આ સપનાને પૂરું કર્યું. સમગ્ર કાશી, દરેક ભારતવાસી અને દુનિયાભરમાં ભારતીય પરંપરાના દરેક અનુગામી પીએમ મોદીનો આજે આભાર માની રહ્યા છે. છેલ્લા ૧૦૦૦ વર્ષમાં કાશીએ વિપરિત પરિસ્થિતિઓનો સામનો કર્યો. ઈન્દોરની મહારાણી આહિલ્યાબાઈએ મંદિરના જીર્ણોદ્ધારમાં યોગદાન આપ્યું. પરંતુ કાશી વિશ્વનાથ એક એવું સ્વરૂપ હશે જેની પરિકલ્પના ફક્ત મોદીએ કરી. તેમણે કહ્યું કે આજે રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીની ૧૦૦ વર્ષ જૂની પીડા દૂર થઈ. ૧૦૦ વર્ષ પહેલા જયારે તેઓ કાશી આવ્યા હતા ત્યારે અહીંની સાંકડી ગલીઓ અને ગંદકી જોઈને તેમને ખુબ દુખ થયું હતું. અનેક લોકો બાપુનું નામ લઈને સત્તામાં આવ્યા પરંતુ તેમની આ ઈચ્છા ક્યારેય પૂરી થઈ નહીં.

પીએમ મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ કરનારા મજૂરો પર પુષ્પવર્ષા કરી. એટલું જ નહીં તેમણે તમામ મજૂરો સાથે ફોટો પણ પડાવ્યો. પીએમ મોદી કળશમાં જળ લઈને કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યા. પીએમ મોદીએ ૧૨ જયોતિર્લિંગથી લાવવામાં આવેલું જળ બાબાને ચડાવ્યું. પીએમ મોદીએ લલિતા ઘાટ પર માતા ગંગાનને પ્રણામ કર્યા અને નદીમાં સ્નાન કર્યું. ત્યારબાદ પીએમ મોદીએ કળશમાં જળ લીધુ અને પછી પગપાળા જ કાશી વિશ્વનાથ મંદિર જવા માટે રવાના થયા હતાં પીએમ મોદી કાળ ભૈરવ મંદિરે ગયા અને ત્યાં પૂજા અર્ચના કરી. આ અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારાણસી પહોંચ્યા ત્યારે એરપોર્ટ પર સીએમ યોગી આદિત્યનાથે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

## દુનિયામાં ભારતનો દબદબો એશિયાનો ચોથો શક્તિશાળી દેશ બન્યો

નવીદિલ્હી,તા.૧૩

ઓસ્ટ્રોલિયાના લોવી ઈન્સ્ટિટ્યૂટેના નવા રિપોર્ટમાં કહ્યું છે કે ભારત આ સમયે એશિયાનો ચૌથો શક્તિશાળી દેશ છે.કોરોનાના કારણે એશિયામાં ચીનની શક્તિ નબળી થઈ છે. ઓસ્ટ્રોલિયાના લોવી ઈન્સ્ટિટ્યૂટે પોતાના નવા રિપોર્ટમાં કહ્યું છે કે ભારત આ સમયે એશિયામાં ચૌથો શક્તિશાળી દેશ છે. રિપોર્ટ મુજબ સૌથી વધારે અસરકારક દેશ અમેરિકા છે. તે બાદ એશિયામાં ચીન, જાપાન અને ભારતનો નંબર છે. રિપોર્ટનું કહેવું છે કે ગત એક વર્ષ દરમિયાન ચીન, જાપાન અને ભારત જેવા એશિયાઈ દેશોની સરખામણીએ અમેરિકાની અસર વધી છે. અમેરિકન રાષ્ટ્રપતિ જો બાયડને રાજનીતિક સંબંધોને સારા બનાવવા ડીલ કરી છે. ત્યારે પણ મહામારીથી થયેલ તેજ રિકવરી અને ફાસ્ટ વેક્સિનેશનની ઘણી અસર પડી છે. રિપોર્ટનું કહેવું છે કે વર્ષ ૨૦૧૮ બાદ પહેલી વાર અમેરિકાએ એશિયામાં પોતાની શક્તિમાં વધારો કર્યો છે.

ભારત અંગે રિપોર્ટમાં કહેવાયું છે કે આ દેશ પર કોરોનાની ઘણી અસર પહોંચી છે. કોરોનાની પહેલા વિકાસ સ્પીડને ધક્કો લગાવે છે. ભારતને રાજનીતિક અસર અને આર્થિક સંબંધો જેવા માપદંડો પર ઝટકો લાગ્યો છે.જોકે પડકારો છતાં ભારત સમગ્ર ઈન્ડેક્સમાં ચૌથી રેંક પર છે.

આનું કારણ એ છે કે ભારતની આર્થિક ક્ષમતા, સૈન્ય ક્ષમતા, સાંસ્કૃતિક અસર જેવા મોટા પાસાને માનવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીની શરુઆતથી ચીન અને અમેરિકાની વચ્ચે સંબંધ તલ્ખ થતા ચાલી રહ્યા છે. તત્કાલીન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તો કોરોનાને લઈન ચીન પર ખૂબ હુમલાવર રહ્યા હતા.

## કોરોના ૨૪ કલાકમાં સામે આવ્યા ૭૩૫૦ નવા દર્દી

નવીદિલ્લી,તા.૧૩

ભારતમાં કોરોના વાયરસના સક્રિય દર્દી હવે દિવસેને દિવસે ઘટી રહ્યા છે. આજે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય તરફથી જણાવવામાં આવ્યુ છે કે છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી ૭૩૫૦ નવા કેસ નોંધવામાં આવ્યા. વળી, ૭૯૭૩ રિકવરી થઈ. આ સાથે જ સક્રિય દર્દીઓનો આંકડો ૯૧,૪૫૬ રહી ગયો. આ છેલ્લા ૫૬૧ દિવસોમાં સૌથી ઓછો છે.

વિભાગે એ પણ જણાવ્યુ કે દેશભરમાં કાલના દિવસે કોરોના વાયરસના કારણે ૨૦૨ મોત નોંધવામાં આવ્યા છે. આ સાથે જ સરકારી આંકડામાં અત્યાર સુધી ૪૭૫૬૩૬ લોકોના જીવ જઈ ચૂક્યા છે. વળી, નવા મળતા દર્દીઓની વાત કરીએ તો નવા દર્દીઓ સૌથી વધુ કેરળમાંથી સામે આવી રહ્યા છે. આ એ જ રાજ્ય છે જ્યાં દેશનો સૌથી પહેલો દર્દી મળ્યો હતો. લગભગ ૨ વર્ષ પછી પણ કેરળ કોરોનાની સર્વાધિક માર સહન કરી રહ્યુ છે. આરોગ્ય મંત્રાલયના રિપોર્ટ મુજબ કાલે કેરળ રાજયમાંથી કોરોનાના ૨૨૨ નવા કેસ નોંધવામાં આવ્યા. આ ઉપરાંત ૧૪૩ મોત થયા. અત્યાર સુધી અહીં ૪૨૯૬૭ મોત થઈ ચૂક્યા છે.દેશભરમાં લોકોને વેક્સીનનો અત્યાર સુધી ૧,૩૩,૧૭,૮૪,૪૬૨ ડોઝ આપવામાં આવી ચૂક્યો છે. જેમાંથી કાલના દિવસે ૧૯,૧૦,૯૧૭ ડોઝ આપવામાં આવ્યો. વળી, અત્યાર સુધી કોરોનાથી રિકવર થનાર લોકોનો આંકડો વધીને ૩૪૧૩૦૭૬૮ પહોંચી ગયો છે. જેમાંથી કાલના દિવસે ૭૯૭૩ લોકો ડિસ્ચાર્જ કરવામાં આવ્યા. હાલમાં દેશનો કોવિડ-રિકવરી રેટ ૯૮.૩૭ ટકા છે.

### સીબીએસઈની ૧૦માંની પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલ એક સવાલ પર વિવાદ

## શું આપણે ખરેખર બાળકોને આ બકવાસ શીખવાડી રહ્યા છે ? : પ્રિયંકા ગાંધી

નવીદિલ્લી,૧૩

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ(સીબીએસઈ)ની ૧૦માંની પરીક્ષાના અંગ્રેજી વિષયના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલ એક સવાલ પર વિવાદ શરુ થઈ ચૂક્યો છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આના પર વાંધો વ્યક્ત કરીને ટ્વિટ કરી મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે.

પ્રિયંકા ગાંધીએ આ મામલે પ્રતિક્રિયા વ્યક્ત કરીને લખ્યુ - અવિશ્વસનીય! શું આપણે ખરેખર બાળકોને આ બકવાસ શીખવાડી રહ્યા છે? સ્પષ્ટ રીતે ભાજપ સરકાર મહિલાઓ પર આ વિચારોનુ સમર્થન કરે છે, નહિતર તે આને સીબીએસઈ પાઠ્યક્રમમાં કેમ શામેલ કરતા?તમને જણાવી દઈએ કે શનિવારે સીબીએસઈ અંગ્રેજી પરીક્ષાના પ્રશ્નપત્રમાં એક પેસેજમાં લખેલા વાક્યો પર પ્રિયંકા ગાંધી જ નહિ વાલીઓએ પણ વાંધો વ્યક્ત કર્યો હતો. પરીક્ષાના પેપરના આ પેસેજમાં લખ્યુ હતુ કે પહેલી લાઈનમાં લખ્યુ હતુ કે તે પોતાની જ દુનિયામાં રહે છે. વળી, બીજી લાઈનમાં લખ્યુ હતુ કે આજકાલની આધુનિક મહિલાઓ પોતાના પતિની વાત નથી માનતી. વળી, ત્રીજી લાઈનમાં લખ્યુ હતુ કે વીસમી સદીમાં બાળકો ઓછા થઈ ગયા છે જેનુ કારણ નારીવાદી વિદ્રોહ છે.

પેસેજના અંશ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયા, જેમાં લોકોએ સીબીએસઈને જેન્ડર સ્ટીરિયોટાઈપ અને મહિલા વિરોધી માનવામાં આવી રહ્યુ છે. માઈક્રોબ્લૉગિંગ સાઈટ ટ્વિટર પર #CBSEinsultswomen ટ્રેન્ડ કરવા લાગ્યુ.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાજપ અને આરએસએસ પર નિશાન સાધીને તેને 'ઘૃણિત' ગણાવ્યુ છે. તમિલનાડુ કોંગ્રેસ કમિટીના પ્રવકતા લક્ષ્મી રામચંદ્રને કહ્યુ કે, 'આ અપમાનજનક રીતે નિરર્થક પઠન માર્ગ ૧૦માં સીબીએસઈ બોર્ડ પરીક્ષાના પેપરમાં આજે દેખાયુ. આપણે પોતાના બાળકોને શું શીખવી રહ્યા છે? સીબીએસઈએ સ્પષ્ટીકરણ આપવુ પડશે અને આપણા બાળકોને આ સાથે ભડકાવવા બદલ માફી માંગવી પડશે.'

સીબીએસઈ બોર્ડે પોતાના અધિકૃત નિવેદનમાં કહ્યુ છે કે કાલે આયોજિત સીબીએસઈ દસમાં ધોરણના અંગ્રેજીના પેપરમાં એક સેટમાં અમુક માતા-પિતા અને છાત્રો પાસેથી મિશ્ર પ્રતિક્રિયા મળી છે. જો કે, કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ(સીબીએસઈ)એ હવે આ મામલે વિષય વિશેષજ્ઞો પાસે મોકલી દીધો છે અને કહ્યુ કે આ મામલાને બોર્ડના પૂર્વ નિર્ધારિત પ્રક્રિયાઓ અનુસાર વિચાર માટે વિષય વિશેષજ્ઞો પાસે મોકલવામાં આવશે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલ સાચા ઉત્તર વિકલ્પ અને આન્સર કીના સંબંધમાં એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જો વિશેષજ્ઞોનુ માનવુ હોય કે માર્ગથી ખબર પડે છે ઘણી વ્યાખ્યાઓ, છાત્રોના હિતોની રક્ષા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

એ જણાવી દઈએ કે ડિસેમ્બરમાં શરુ થયેલ સીબીએસઈ ધોરણ ૧૨ના સમાજશાસ્ત્રના પેપરે છાત્રોને તેમની પાર્ટીનુ નામ જણાવવા માટે કહ્યુ, જે હેઠળ 'ગુજરાતમાં ૨૦૦૨માં મુસ્લિમ વિરોધી હિંસા' થઈ હતી જેને બોર્ડે બાદમાં 'અનુચિત' અને તેના દિશાનિર્દેશો વિરુદ્ધ કહ્યુ હતુ.

## પીએમ મોદીએ મંદિરમાં પ્રવેશતા પહેલા ગંગા નદીમાં લગાવી ડૂબકી



વારાણસી,તા.૧૩

પોતાના ડ્રીમ પ્રોજેક્ટ કાશી વિશ્વનાથ કોરિડોરનુ ઉદઘાટન કરવા માટે પહોંચેલા પીએમ મોદીએ મંદિરમાં જતા પહેલા ગંગાજીમાં ડુબકી મારી હતી.મોદી વારાણસીની સાંકળી શેરીઓમાં પગપાળા પણ ગયા હતાં.

પીએમ મોદીએ કાલભૈરવ મંદિરમાં દર્શન કર્યા બાદ ક્રુઝમાં મુસાફરી કરી હતી અને એ પછી લલિત ઘાટ પહોંચ્યા હતા.જયાં તેમણે ગંગાજીમાં ડુબકી મારી હતી.

ભાવિકો સામાન્ય રીતે બાબા વિશ્વનાથના મંદિરમાં દર્શન કરતા પહેલા ગંગાજીમાં ડુબકી મારતા હોય છે.આ જ રીતે પીએમ મોદીએ પણ ગંગા સ્નાન કરીને ડુબકી મારી હતી.વડાપ્રધાન ગંગાજીનુ જળ લઈને કાશી વિશ્રાથ મંદિર ખાતે પહોંચ્યા હતાં અને બાબા વિશ્વનાથ પર તેનો અભિષેક કર્યો હતો.

### ગુજરાત સરકાર પર અરવિંદ કેજરીવાલના પ્રહારો

## ઘણી સરકારી શાળાઓ એવી છે જ્યાં શિક્ષક, પાણી અને શૌચાલય પણ નથી

નવીદિલ્હી,તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાત સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, ગુજરાતમાં સરકારી શાળાઓ સતત બંધ થઇ રહી છે. ઘણી સરકારી શાળાઓ એવી છે જ્યાં શિક્ષક, પાણી અને શૌચાલય પણ નથી.

કેજરીવાલે કહ્યું કે, આવું એટલા માટે થઈ રહ્યું છે જેથી નેતાઓની ખાનગી શાળાઓ જનતાને લૂંટી શકે. લોકો પોતાના બાળકોને સરકારી શાળાને બદલે ખાનગી શાળામાં મોકલવા મજબૂર થઇ જાય, તેથી સરકારી શાળાઓને બરબાદ કરવામાં આવે છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, જેવી રીતે દિલ્હીમાં શિક્ષણ વ્યવસ્થા ઠીક કરવામાં આવી છે, તેવી રીતે આમ આદમી પાર્ટી ગુજરાતના લોકોની સાથે મળીને ગુજરાતની શાળાઓને પણ ઠીક કરશે. ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને પણ હવે સારું શિક્ષણ મળશે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે ગુજરાતની જનતાને કહ્યું કે, 'ગુજરાતમાં પણ દિલ્હી જેવી શિક્ષણ ક્રાંતિની જરૂર છે.'

આ પહેલા આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ એક કાર્યક્રમ દરમિયાન સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તાની સાથે-સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે પર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

### ઓમિક્રોનના કેરની વચ્ચે

## બંગાળમાં ત્રીજી લહેરની શરુઆત થઈ ગઈ છે. નવા ૫૮૩ કેસ ,જ્યારે ૬ના મોત થયા છે.

કોલકતા,તા.૧૩

કોરોનાના ઓમિક્રોનનો ખતરો યથાવત છે. ભારતમાં આ લગભગ ૬ રાજયોમાં ફેલાઈ ચૂક્યો છે. આ સાથે કેટલાક રાજયોમાં કોરોનાના નવા કેસ વધી રહ્યા છે. રવિવારે જારી આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૮૩ નવા કેસ સામે આવ્યા હતા. આ સમયમાં રાજયોમાં ૬ લોકોના મોત થયા છે. આ બાદ પશ્ચિમ બંગાળમાં કોરોનાના સક્રિય મામલાની સંખ્યા ૭૫૪૮ થઈ ગયા છે.

રાજયના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધી ૧૯,૬૦૦ લોકોના મોત થયા અને ૧૬, ૨૩, ૧૯૧ કેસ સામે આવ્યા છે. ગત ૨૪ કલાકમાં કોરોનાના ૫૯૧ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે. જે ૯૮.૩૩ ટકાના દરની સાથે કુલ ૧૫, ૯૬, ૦૪૩ થઈ ગયા છે. તાજા મામલામાં કોલકત્તામાં સૌથી વધારે ૨૧૭ નોંધાય છે. ઉત્તર ૨૪ પરગના ૧૦૮ મામલાની સાથે બીજા સ્થાન પર હતો. રવિવારે ઉત્તર ૨૪ પરગનામાં સૌથી વધારે ચાર મોત થયા છે. આ બાદ કોલકત્તામાં ૨ મોત થાય છે. રાજયમાં સરકારે કોરોનાના નવા સંક્રમણ ઓમિક્રોને જોતા કહ્યું છે કે તમામ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને કોરોના પોઝિટિવ રિપોર્ટ જીનોમ સિક્વેન્સિંગ માટે મોકલવામાં આવી. કેટલાક સેમ્પલ સ્ટ્રેન ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. ત્યારે કેરળ, આંધ્ર પ્રદેશ અને ચંદીગઢમાં રવિવારે કોરોના વાયરસના નવા સ્વરુપ ઓમિક્રોનના એક- એક મામલાની ખરાઈ થઈ છે. ૩ જગ્યાઓ પર વાયરસના નવા સ્વરુપનો પહેલો મામલો સામે આવ્યો છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ઓમિક્રોનના ૧-૧ દર્દી મળ્યા બાદ હવે દેશમાં ઓમિક્રોનના દર્દીની સંખ્યા ૩૮ થઈ ગઈ છે. રવિવારે નોંધવામાં આવેલા તમામ મામલામાં દર્દીઓએ વિદેશ યાત્રા કરી હતી.



## તંત્રી સ્થાનેથી...

### ઘણા લોકો માટે તેમના વ્યાવસાયિક અને તેમના અંગત જીવન વચ્ચે સંતુલન બનાવવું મુશ્કેલ છે




*આ દિવસોમાં લાંબા કામના કલાકો સામાન્ય છે અને તે ભાગ્યે જ આશ્ચર્યજનક છે. આ સ્પર્ધાત્મક નોકરીની સ્થિતિમાં લોકોને સખત અને સખત મહેનત કરવાની ફરજ પડે છે. જ્યારે લોકો કામમાં વધુ કલાકો વિતાવે છે, ત્યારે તેમને પોતાના માટે ઓછો સમય મળે છે. આ જરૂરી નથી કે તે હકારાત્મક વિકાસ છે કારણ કે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમજ પરિવારો અને વ્યક્તિગત સંબંધોમાં વિક્ષેપ તરફ દોરી શકે છે. આ કારણે તેઓને તેમના કામ-જીવનમાં સંતુલન જાળવવામાં મુશ્કેલી પડી રહી છે. હું માનું છું કે આ પરિસ્થિતિનું મુખ્ય કારણ તેમની વ્યસ્ત જીવનશૈલી છે. જો કે, સરકાર અને વ્યાવસાયિકો દ્વારા લેવામાં આવેલા કેટલાક પગલાં તેમને તેમના જીવનના બે પાસાઓ વચ્ચે સંતુલન હાંસલ કરવામાં મદદ કરશે.*

*એક વસ્તુ માટે, એવું સાબિત કરવા માટે બિલકુલ કંઈ નથી કે લાંબા કામના કલાકો ઉત્પાદકતામાં સુધારો કરે છે. હકીકતમાં, જ્યારે લોકો તેમના કરતાં વધુ સમય કામ કરે છે, ત્યારે શું થાય છે કે તેમની ઉત્પાદકતા ઘટે છે. તેઓ ધ્યાન કેન્દ્રિત કરવામાં નિષ્ફળ જાય છે અને નોકરીઓ પૂરી કરવામાં વધુ સમય લે છે. કામ માટે દૂરની મુસાફરી પણ મદદ કરતું નથી. ઘણા મોટા શહેરોમાં લોકોને તેમના કામના સ્થળે પહોંચવા માટે ઘણી વાર ઘણા કલાકોની મુસાફરી કરવી પડે છે. છેવટે, જ્યારે તેઓ ટ્રાફિક અને સખત મહેનત કરીને ઘરે પહોંચે છે, ત્યારે તેમનામાં થોડી ઊર્જા બાકી રહે છે. આ ઉપરાંત, અભ્યાસોએ સાબિત કર્યું છે કે જે લોકો ઓફિસમાં લાંબા સમય સુધી વિતાવે છે તેઓને પણ હૃદય રોગ અને ઉન્માદ જેવી મોટી સ્વાસ્થ્ય સમસ્યાઓ થવાની શક્યતા વધુ હોય છે.*

*અમે પહેલેથી જ જોયું છે કે લાંબા કામના કલાકો આવશ્યકપણે સુધારેલ ઉત્પાદકતામાં અનુવાદ કરે છે. આ સેટઅપની બીજી સમસ્યા વ્યક્તિના કૌટુંબિક અને સામાજિક જીવન પર તેની અસર છે. જ્યારે લોકો ઓફિસમાં લાંબા કલાકો વિતાવે છે, ત્યારે તેમને તેમના પ્રિયજનો સાથે વિતાવવા માટે ઓછો સમય મળે છે. માતા-પિતા, જેઓ લાંબા સમય સુધી કામ કરે છે, તેઓ ઘણીવાર તેમના નાના બાળકોની યોગ્ય કાળજી લેવામાં નિષ્ફળ જાય છે. આ એવા પરિવારોમાં ખૂબ સમસ્યા હોઈ શકે છે જ્યાં માતાપિતા બંને કામ કરે છે. જ્યારે બાળકોને તેઓ લાયક ધ્યાનથી વંચિત રાખે છે, ત્યારે તે તેમની ભાવનાત્મક સુખાકારીને અસર કરશે. તે તેમના શૈક્ષણિક પ્રદર્શન પર પણ નકારાત્મક અસર કરી શકે છે. આત્યંતિક કિસ્સાઓમાં, કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવવામાં નિષ્ફળતા પરિવારોના વિભાજન તરફ દોરી શકે છે.*

*ઘણી વ્યક્તિઓ વ્યસ્ત જીવન જીવે છે / વ્યસ્ત જીવનશૈલી જીવે છે, આ મુખ્ય કારણ છે કે તેઓ તેમના અંગત અને વ્યાવસાયિક જીવન વચ્ચે સંતુલન જાળવવા માટે સંઘર્ષ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, વ્યાવસાયિકો તેમનો મોટાભાગનો સમય કામ પર વિતાવે છે અને એકવાર તેઓ ઘરે પહોંચ્યા પછી, તેઓ તેમના પ્રિયજનો પર પૂરતું ધ્યાન આપવામાં ખૂબ થાક અનુભવે છે. આ કારણે તેઓ તેમની સાથે વધુ સમય વિતાવી શકતા નથી અને આના કારણે તેમના સંબંધોમાં તિરાડ પડે છે. વાસ્તવમાં, અંગત જીવનમાં સમસ્યાઓ કામ પર તેમના પ્રદર્શનને અસર કરી શકે છે કારણ કે તેઓ તેમના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી.*

*જો કે, સરકાર અને વ્યક્તિઓ દ્વારા લેવામાં આવેલા કેટલાક પગલાં તેમને તેમના જીવનને સંતુલિત કરવામાં મદદ કરશે. સૌપ્રથમ, સરકારે કામના કલાકોની સંખ્યા મર્યાદિત કરવી જોઈએ જેથી કરીને વ્યાવસાયિકો તેમના પરિવાર સાથે પૂરતો સમય મેળવી શકે. બીજું, પ્રોફેશનલ્સે તેમના પરિવારો સાથે અમુક ગુણવત્તાયુક્ત સમય વિતાવવો જોઈએ અને તેમની સાથે તેમના સમયની કદર કરવી જોઈએ. દાખલા તરીકે, કામ કરતા માતા-પિતાએ સાંજે અથવા સપ્તાહના અંતે તેમના બાળકો સાથે રમવા માટે થોડો સમય કાઢવો જોઈએ. તેવી જ રીતે, સ્ત્રીઓ પ્રેમ કરે છે જ્યારે તેમના પતિ તેમને ક્યારેક રાત્રિભોજન માટે બહાર લઈ જાય છે. આવા હાવભાવ તેમના પરિવારના સભ્યોને વિશેષ અનુભવ કરાવશે અને તેમની સાથે મજબૂત બોન્ડ બનાવશે. છેલ્લે, વ્યક્તિઓએ નિયમિતપણે પોતાની જાતને ધ્યાન અથવા યોગ જેવી શારીરિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવી જોઈએ. આનાથી તેમને શાંત અને સકારાત્મક અનુભવવામાં મદદ મળશે અને છેવટે તેમના જીવનમાં સંતુલન બનાવવામાં મદદ મળશે.*

*લાંબા કામના કલાકો કોઈના હિતમાં નથી. તેઓ વ્યક્તિની ઉત્પાદકતામાં સુધારો કરતા નથી. હકીકતમાં, તેઓ તેમને ઓછા ઉત્પાદક બનાવે છે. વધુ શું છે, જ્યારે લોકો ઓફિસમાં વધુ સમય વિતાવે છે, ત્યારે તેમનું પારિવારિક જીવન પીડાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંતુષ્ટ જીવન જીવવા માટે યોગ્ય કાર્ય-જીવન સંતુલન એકદમ જરૂરી છે. આશા છે કે કંપનીઓ તેમના કામના કલાકો એવી રીતે ગોઠવે કે કર્મચારીઓને પણ પોતાના માટે થોડો સમય મળે. હું માનું છું કે કેટલાક વ્યાવસાયિકોને તેમની વ્યસ્ત જીવનશૈલીને કારણે તેમના કામ અને અંગત જીવનને સંતુલિત કરવામાં મુશ્કેલી પડે છે. જો કે, જો સરકાર અને વ્યક્તિઓ ચોક્કસ પગલાં લે છે, તો તે તેમને સુખી જીવન જીવવા માટે સક્ષમ બનાવશે.*

### શિવસેના સાંસદ સંજય રાઉતની ધરપકડ થઈ શકે છે

# રાઉત વિરુદ્ધ ભાજપના સભ્ય વિરૂધ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ એફઆઈઆર નોંધવામાં આવી છે



નવીદિલ્હી,તા.૧૩

શિવસેનાનાં રાજ્યસભા સાંસદ સંજય રાઉત વિરુદ્ધ દિલ્હીમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, એક મહિલા ભાજપ કાર્યકરની ફરિયાદ પર સંજય રાઉત વિરુદ્ધ દિલ્હીનાં મંડાવલી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. શિવસેનાનાં સાંસદ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ એફઆઈઆર નોંધવામાં આવી છે, એફઆઈઆર નોંધાયા બાદ હવે સંજય રાઉત પર ધરપકડની તલવાર લટકી રહી છે. આરોપ છે કે એક ટીવી ઈન્ટરવ્યુમાં સંજય રાઉતે ભાજપનાં સભ્યો વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો અને તેમને ધમકી આપી હતી. ભારતીય જનતા પાર્ટીનાં એક નેતાએ ટીવી પર પ્રસારિત એક ઈન્ટરવ્યુ દરમિયાન રાઉત પર ભાજપનાં કાર્યકરો વિરુદ્ધ વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. આટલું જ નહીં રાઉત પર ધમકીનો પણ આરોપ છે. આ મામલે દિલ્હીમાં શિવસેનાનાં નેતા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભાજપનાં રાષ્ટ્રીય મહાસચિવ દીપ્તિ રાવત ભારદ્વાજે ૯ ડિસેમ્બરે મંડાવલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદનાં આધારે એફઆઈઆર નોંધવામાં આવી છે. તેમની ફરિયાદમાં ભારદ્વાજે આરોપ લગાવ્યો હતો કે, સંજય રાઉતે ૯ ડિસેમ્બરે એક મરાઠી ન્યૂઝ ચેનલ પર પ્રસારિત થયેલા ઈન્ટરવ્યુ દરમિયાન ભાજપનાં કાર્યકરો વિરુદ્ધ "ચોંકાવનારા નિવેદનો" કર્યા હતા.

ભાજપ મહિલા મોરચાનાં રાષ્ટ્રીય મહાસચિવ દીપ્તિ રાવત ભારદ્વાજે આરોપ લગાવ્યો કે, રાઉત દ્વારા ભાજપનાં કાર્યકરોને મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ સાથે રાજ્યસભાનાં સાંસદ દ્વારા વાંધાજનક ભાષાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. દિલ્હી પોલીસનાં એક વરિષ્ઠ અધિકારીએ આ મામલાની માહિતી આપતા કહ્યું કે, ફરિયાદનાં આધારે ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ (બદનક્ષી માટે સજા) અને ૫૦૯ (સ્ત્રીની ગરિમાને ઠેસ પહોંચાડવાનાં હેતુથી શબ્દો, હાવભાવ અથવા કૃત્યોનો ઉપયોગ કરવો ) હેઠળ રાઉત વિરૂદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જો કે સંજય રાઉતે આ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, મારી સામે દિલ્હીમાં નોંધાયેલી ક્ષૈંઇ રાજકીય હેતુ માટે કરવામાં આવી છે. મારો અવાજ દબાવવા માટે આવું કરવામાં આવ્યું છે. આ મારા પક્ષને બદનામ કરવા માટે કરવામાં આવ્યું છે કારણ કે સીબીઆઇ, આઇટી, ઇડીનો ઉપયોગ મારી વિરુદ્ધ થઈ શકે તેમ નથી. હું સાંસદ છુંપ કેટલાક લોકોને મારી વિરુદ્ધ ખોટી ફરિયાદ કરવા માટે ઉશ્કેરવામાં આવ્યા છે જે યોગ્ય નથી.

### રામ જન્મભૂમિ તીર્થસ્થાનને વેટિકન સીટી અને મક્કાની જેમ વિકસાવવામાં આવશેઃ વિશ્વ હિન્દુ પરિષદ



નાગપુર,તા.૧૩

અયોધ્યામાં બની રહેલા રામ મંદિરને લઈને વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ રવિન્દ્ર નારાયણ સિંહે કહ્યું કે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રને વેટિકન સિટી અને મક્કાની જેમ વિકસાવવામાં આવશે. નાગપુરમાં તેમણે કહ્યું કે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર હિન્દુત્વના પ્રતીક તરીકે ઉભરી આવશે. વિશ્વ હિન્દુ જનકલ્યાણ પરિષદના વિદર્ભ પ્રાદેશિક કાર્યાલયના નિર્માણ માટે ભૂમિપૂજન કરવા માટે વિહિપ પ્રમુખ ધંતોલી આવ્યા હતા. વિહિપ પ્રમુખ રવિન્દ્ર નારાયણ સિંહ નાગપુરમાં હતા. પીટીઆઈના અહેવાલ મુજબ, કાર્યક્રમમાં હાજર સંતો અને વીએચપીના કાર્યકર્તાઓને સંબોધિત કરતી વખતે, તેમણે કહ્યું કે અયોધ્યામાં રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રને વેટિકન સિટી (રોમન કેથોલિક ચર્ચનું મુખ્યાલય) અને મક્કા (સૌથી પવિત્ર સ્થળ)ની તર્જ પર વિકસાવવામાં આવશે.

વીએચપીના પદાધિકારીઓ અને સંતોની સભાને સંબોધતા રવિન્દ્ર નારાયણ સિંહે કહ્યું કે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર હિન્દુત્વના પ્રતીક તરીકે ઉભરશે. આ સાથે, તેમણે ભારતમાં ધર્માંતરણના હેતુ માટે વિદેશી ભંડોળ પર કડક કાર્યવાહી કરવા માટે નરેન્દ્ર મોદી સરકારની પણ પ્રશંસા કરી. આ ઉપરાંત તેમણે મુસ્લિમ સમુદાયને રાષ્ટ્રની સેવામાં હિન્દુઓ સાથે હાથ મિલાવવાની અપીલ કરી હતી.

તેમણે કહ્યું કે હિંદુઓ વિચારે છે કે તેમને કંઈ થશે નહીં. આ માનસિકતાને કારણે આપણે પડકારોનો સામનો કરી રહ્યા છીએ. તેમણે ખ્રિસ્તી ઈવેન્જેલિકલ સંસ્થાઓ પર ધર્માંતરણ માટે આદિવાસી વિસ્તારોમાં હોસ્પિટલો અને શાળાઓ ચલાવવાનો આરોપ મૂક્યો હતો. રવિન્દ્ર નારાયણ સિંહે એ પણ માહિતી આપી હતી કે જન કલ્યાણ પરિષદનું આગામી કાર્યાલય પૂર્વ મહારાષ્ટ્રમાં વિદર્ભ પ્રદેશમાં હિંદુઓ માટે વિવિધ કલ્યાણકારી પગલાં શરૂ કરશે.

### ગરીબો માટે હવે ચૂલો સળગાવવું પણ મોંઘુ

# કેરોસીનના ભાવમાં રૂ.૧૯.૩૬નો વધારો, ડિસેમ્બર-૨૦૨૧માં પ્રતિ લિટર કેરોસીન રૂ. ૪૯.૪૮

નવીદિલ્હી,તા.૧૩

કોરોના મહામારીમાં ગરીબથી લઈને સામાન્ય વર્ગનાં લોકોને ઘણી તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ પેટ્રોલ-ડિઝલમાં થયેલો અધધ વધારો પહેલા જ મોંઘવારીને આમંત્રણ કરી ચુક્યો છે, ત્યારે હવે ગરીબોનું ઇંધણ ગણાતું કેરોસીન પણ મોંઘુ થયુ છે.

કેરોસીનનાં ભાવમાં લિટર દીઠ ધરખમ વધારો થયો છે. લિટરે કેરોસીનનાં ભાવમાં રૂપિયા ૧૯.૩૬ નો વધારો થયો છે. જે કેરોસીનનો ભાવ જાન્યુઆરી-૨૦૨૧ માં પ્રતિ લિટર ૩૦.૧૨ રૂપિયા હતો જે હવે ડિસેમ્બર ૨૦૨૧ માં પ્રતિ લિટર ૪૯.૪૮ રૂપિયા સુધી પહોંચી ગયો છે. જો કે કેરોસીનનાં કાળબજારીમાં પણ ઘણો વધારો થયો છે. જણાવી દઈએ કે, છેલ્લા ત્રણ મહિનામાં જ કેરોસીનનાં ભાવમાં રૂ. ૮.૪૮ નો વધારો નોંધાયો છે. આ કારણોસર ગરીબોની દશા વધુ દયનીય બની છે. રાજ્યમાં ગેસ કનેક્શન અપાતા મોટાભાગનાં રેશનકાર્ડ ધારકોને કેરોસીન આપવાનુ જ બંધ કરી દેવાયુ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં વાજબી ભાવની દુકાનોમાં કાર્ડ ધારકોને નક્કી કરેલા કવોટા મુજબ દર મહિને કેરોસીન આપવામાં આવે છે. આ તરફ, સરકારનો દાવો છેકે, રાંધણ ગેસનાં વધતા જતા ઉપયોગને લીધે કેરોસીનનો વપરાશ ઘટયો છે. ત્યારે આજે પણ કેરોસીનનો ઉપયોગ કરતા લોકો માટે મુસિબત ઘણી વધી ગઇ છે. વર્ષ ૨૦૨૧નાં જાન્યુઆરી મહિનામાં કેરોસીનનો ભાવ રૂ. ૩૦.૧૨, ફેબ્રુઆરીમાં રૂ. ૩૨.૩૭, માર્ચમાં રૂ. ૩૫.૩૫, એપ્રિલમાં રૂ. ૩૬.૭૮, મે મહિનામાં રૂ. ૩૬.૮૭, જુનમાં રૂ. ૩૯.૪૫, જુલાઈમાં રૂ. ૪૧.૨૪, ઓગસ્ટમાં રૂ. ૪૨.૬૪, સપ્ટેમ્બરમાં રૂ. ૪૧.૦૦, ઓક્ટોબરમાં રૂ. ૪૩.૧૭, નવેમ્બરમાં રૂ. ૫૦.૪૮ અને ડિસેમ્બર મહિનામાં રૂ. ૪૯.૪૮ પર પહોંચી ગયુ છે.

### વૃદ્ધ ભીડમાં પાઘડી લઈને ઊભા હતા મોદીએ તમામ પ્રોટોકોલ તોડી તેમના હાથે પાઘડી પહેરી

વારાણસી,તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારાણસી પહોંચ્યા હતાં.આ દરમિયાન તેઓ જયારે ક્રૂઝથી ઉતરીને કાશી વિશ્વનાથ માટે રવાના થયા તો રસ્તામાં તેમનું પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું. આ દરમિયાન એક વડીલ ભીડથી નીકળીને પીએમ મોદીને પાઘડી પહેરાવવા માંગતા હતા. સુરક્ષાકર્મીઓએ તેમને રોક્યા પરંતુ પીએમ મોદીએ વૃદ્ધના હાથેથી પાઘડી પહેરી અને ત્યારબાદ હસ્યા અને વડીલના હાથ જોડ્યા.

પીએમનો કાફલો વારાણસીની ગલીઓમાંથી પસાર થયો તો ચારે બાજુ તેમની એક ઝલક મેળવવા માટે લોકો ઉમટી પડ્યા હતા. આ દરમિયાન ભીડમાંથી એક વૃદ્ધ પીએમ પાસે આવવા લાગ્યા તો એસપીજીએ તેમને ધક્કા મારીને પાછળ ધકેલ્યા. વડીલના હાથમાં પાઘડી અને બીજા હાથમાં ગમછો હતો. તેઓ પીએમને પહેરાવવા માંગતા હતા. એસપીજીએ વડીલને બે વાર ધક્કા મારીને પાછળ ધકેલ્યા પરંતુ જયારે પીએમ મોદીની નજર પડી તો તેમણે સુરક્ષાકર્મીઓને ઈશારો કરીને એમ કરતા રોક્યા અને વડીલ તરફ જોયું. પીએમ મોદીએ હાથ આગળ વધાર્યો અને વૃદ્ધને પાઘડી પહેરાવી તથા ગમછો માંગ્યો. પીએમ મોદીએ વૃદ્ધને પોતાની પાસે બોલાવ્યા અને કારનો દરવાજો ખોલ્યો તથા વૃદ્ધના હાથે પાઘડી પહેરી, વૃદ્ધે તેમના ગળામાં ગમછો પણ નાખ્યો. પીએમ મોદીએ હાથ જોડીને અભિવાદન કર્યું અને હસ્યા.

# ૨૬મી જાન્યુઆરીએ ૫ દેશોના રાષ્ટ્રપતિ ભારતના મહેમાન બનશે

નવીદિલ્હી,તા.૧૩

ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર મેસિયસ બોલસોનારો ચાર દિવસની મુલાકાતે ભારત આવ્યા હતા. રાષ્ટ્રપતિ તરીકે બોલ્સોનારોની આ પ્રથમ ભારત મુલાકાત છે. તેઓ આઠ મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ અને મોટા વેપારી પ્રતિનિધિમંડળ સાથે દિલ્હી પહોંચ્યા હતા. આ દરમિયાન ભારત અને બ્રાઝિલ વચ્ચે ૧૫ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

૧૯૯૬ અને ૨૦૦૪માં પણ બ્રાઝિલના રાષ્ટ્રપતિ ગણતંત્ર દિવસ પર મુખ્ય અતિથિ બની ચૂક્યા છે. તે જ સમયે, ૨૦૧૬ માં, બ્રાઝિલના રાષ્ટ્રપતિ મિશેલ ટેમર ગોવામાં આયોજિત ૮મી (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા) સમિટમાં ભાગ લેવા માટે ભારત આવ્યા હતા.ભારત ૫ મધ્ય એશિયાઈ (કઝાકિસ્તાન, કિર્ગીઝ રિપબ્લિક, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાન) રાષ્ટ્રપતિઓને ગણતંત્ર દિવસ ૨૦૨૨ પર મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરે તેવી શક્યતા છે.

પ્રદેશમાં ચીનના ઘૂસણખોરી અને અફઘાન થિયેટરમાંથી કટ્ટરપંથીકરણની ધમકીઓ વચ્ચે ચીન તેની યુરેશિયન પહોંચને વિસ્તારવાના પ્રયાસોના ભાગરૂપે ગણતંત્ર દિવસની ઉજવણીમાં મધ્ય એશિયાના પાંચ નેતાઓને આમંત્રિત કરવાનું આયોજન કરી રહ્યું છે. પ્રદેશમાં ચીનના ઘૂસણખોરી અને અફઘાન થિયેટરમાંથી કટ્ટરપંથીકરણની ધમકીઓ વચ્ચે ચીન તેની યુરેશિયન પહોંચને વિસ્તારવાના પ્રયાસોના ભાગરૂપે ગણતંત્ર દિવસની ઉજવણીમાં મધ્ય એશિયાના પાંચ નેતાઓને આમંત્રિત કરવાનું આયોજન કરી રહ્યું છે. અહેવાલ મુજબ, જાણવા મળ્યું છે કે તમામ પક્ષો કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને તુર્કમેનિસ્તાનના પાંચ નેતાઓની પ્રસ્તાવિત મુલાકાતની વિગતો પર કામ કરી રહ્યા છે. વિકાસ ભાગીદારી ઉપરાંત, રોકાણ, સુરક્ષા ભાગીદારી અને ઈરાનના ચાબહાર પોર્ટ દ્વારા મધ્ય એશિયા સાથે કનેક્ટિવિટી છે જે ઘણીવાર ભારતના વિસ્તૃત પડોશી ગણાય છે. મુલાકાત દરમિયાન એજન્ડામાં હોવાની અપેક્ષા છે. અગાઉ ૧૮-૧૯ ડિસેમ્બરે ભારત અને મધ્ય એશિયાના દેશોના વિદેશ પ્રધાનો વચ્ચે બેઠક યોજાશે. જેમ કે આ અઠવાડિયાની શરૂઆતમાં અહેવાલ છે.

# પટલાઈમાં આપણું પુરૂ ન થઈ જાય તેનું ધ્યાન રાખજો : પરેશ ધાનાણીની ટકોર

અમદાવાદ,તા.૧૩

અમદાવાદના સોલામાં ઉમિયાધામ શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો રહ્યો છે ત્યારે આ કાર્યક્રમમાં પાટીદારોને લઈને કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ કહ્યું કે, પટલાઇ આપણા લોહીમાં છે. પટલાઈમાં આપણું પુરૂ ન થઇ જાય તેનું ધ્યાન રાખજો. આ પટલાઈમાં પુરૂ ન કરવું હોય તો માત્ર પાટીદાર નહીં આપણે સૌએ સરદાર બનવું પડશે. કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ સમાજના આગેવાનોને પરેશ ટકોર કરતા કહ્યું કે, સમાજ થકી નેતા પેદા થાય તેના થકી સમાજ નહીં. મહત્વનું છે કે આ પહેલા નરેશ પટેલે પણ કહ્યું હતું કે, ક્લાર્કથી કલેક્ટર સુધી પાટીદાર હોવો જોઈએ...સરપંચથી સાંસદ સુધી પાટીદાર હોવો જોઈએ.રાજકીય પકડ નહીં વધે તો આપણને કોઈ ગણશે જ નહીં.

અમદાવાદમાં ઉમિયા માતાજી મંદિર શિલાન્યાસ મહોત્સવ ૩ દિવસ સુધી યોજાઈ રહ્યો છે. સોલા ઉમિયાધામ કેમ્પસમાં ૭૪ હજાર ચોરસ વાર જમીન પર અંદાજીત ૧૫૦૦ કરોડના ખર્ચે વિશાળ માં ઉમિયા ધામનું નિર્માણ થશે. વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે ૧૩ માળની બે અલગ અલગ હોસ્ટેલની બિલ્ડિંગનું નિર્માણ થશે. આ હોસ્ટેલમાં ૪૦૦થી વધારે રૂમ બનાવાશે. જેમાં ૨૦૦થી વધારે ભાઈ-બહેનો રહી શકશે. અતિ આધુનિક સુવિધા સાથે અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાશે. સોલા ઉમિયાધામ કેમ્પસમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાજના દીકરા દીકરીઓ ઉજ્જવળ કારકિર્દી બનાવે તે માટે નવીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રચના કરાશે.

# કાશ્મીરી હિંદુઓને જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં અનામત મળી શકે છે

### રાજયના પાંચ સાંસદોને નવી દિલ્હી બોલાવવામાં આવ્યા હતા : પંચે તેના રિપોર્ટનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે


નવીદિલ્હી,તા.૧૩

કાશ્મીરી હિંદુઓ, અનુસૂચિત જનજાતિ અને ગુલામ કાશ્મીરથી આવેલ નાગરિકો પણ જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં અનામત મળી શકે છે. જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ક્ષેત્રોના સીમાંકનમાં રોકાયેલા સીમાંકન પંચે તેના અહેવાલો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. પંચે ડ્રાફ્ટ પર ચર્ચા કરવા માટે રાજયના પાંચ સાંસદોને ૨૦ ડિસેમ્બરે નવી દિલ્હી બોલાવ્યા છે. તેઓ સાંસદ આયોગના સભ્ય પણ છે. તેમાં નેશનલ કોન્ફરન્સના ત્રણ સાંસદો ડો. ફારૂક અબ્દુલ્લા, હસનૈન મસૂદી, મોહમ્મદ અકબર લોન અને બંને બીજેપી સાંસદો જુગલ કિશોર શર્મા અને ડો. જીતેન્દ્ર સિંહનો સમાવેશ થાય છે. કેન્દ્રશાસિત પ્રદેશ બનતા પહેલા જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં માત્ર અનુસૂચિત જાતિ માટે સાત બેઠકો અનામત હતી. આ તમામ બેઠકો જમ્મુ વિભાગની હતી. કાશ્મીરી હિંદુઓ, ગુલામ કાશ્મીરથી આવેલ નાગરિકો અને અનુસૂચિત જનજાતિ માટે કોઇ બેઠકો આરિક્ષત ન હતી. હવે કાશ્મીરી હિંદુઓ અને ગુલામ કાશ્મીરના નાગરિકો તેમના માટે કેટલીક બેઠકો અનામત રાખવાની માંગ કરી રહયા છે. જો કે કાશ્મીરી હિંદુઓ તેમના માટે લોકસભામાં પણ એક સીટ અનામત રાખવાની માંગ કરી રહયા છે.

સૂત્રોએ જણાવ્યું કે પંચે તેના રિપોર્ટનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે. આ હેઠળ, સિક્કિમમાં બૌદ્ઘ લામાઓ માટે અનામત બેઠકોની જેમ જ કાશ્મીરી હિંદુઓ માટે ફલોટિંગ વિધાનસભા મતવિસ્તાર બનાવવામાં આવી શકે છે. ફલોટિંગ વિધાનસભા મતવિસ્તાર એવો છે કે જેની કોઇ ભૌગોલિક સીમાઓ નથી. કાશ્મીરના હિંદુઓ ૧૯૮૯ પછી કાશ્મીરમાં આતંકવાદી હિંસાને કારણે સ્થળાંતર કરીને દેશના વિવિધ ભાગોમાં સ્થાયી થયા હોવાથી, તેઓ ત્યાંથી પણ તે પ્રદેશ માટે મતદાન કરી શકે છે. આ સિવાય પોંડિચેરી વિધાનસભાના મોડલને અપનાવીને કાશ્મીરી હિંદુઓ માટે આરક્ષણ સુનિશ્ચિત કરી શકાય છે. તેમના માટે એકથી બે બેઠકો અનામત રાખી શકાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અનુસૂચિત જાતિ માટે માત્ર સાત બેઠકો અનામત રહેશે, જયારે નવ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવશે. બીજી તરફ, ગુલામ કાશ્મીરના નાગરિકો ઇચ્છે કે ગુલામ કાશ્મીરના કવોટા હેઠળની ૨૪ બેઠકોમાંથી કેટલીક બેઠકો બિન અનામત હોવી જોઇએ અને તેના પર તેમના સમુદાયના પ્રતિનિધિઓ ચૂંટવામાં આવે. જો કે, સીમાંકન પંચે સ્પષ્ટ કર્યુ છે કે ગુલામ કાશ્મીર માટે અનામત બેઠકો તેના અધિકારક્ષેત્રની બહાર છે, જો કે, તેમના માટે પણ એથી બે બેઠકો અનામત રાખવામાં આવી શકે છે. તમને જણાવી દઇએ કે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની જોગવાઇ છે. વિધાનસભાની રચના પહેલા રાજયમાં વિધાનસભા મતવિસ્તારોનું સીમાંકન કરવું પડે છે. આ માટે કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૦ માં જસ્ટિસ (નિવૃત્ત) રંજના પ્રકાશ દેસાઇની અધ્યક્ષતામા સીમાંકન પંચની રચના કરી હતી. કમિશનમાં બે સત્તાવાર સભ્યો મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રા અને રાજય ચૂંટણી કમિશનર કે કે શર્મા છે. જયારે અન્ય પાંચ સભ્યો છે. આ સભ્યો એ જ રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ચૂંટાયેલા સાંસદ છે જયાં સીમાંકન થવાનું છે. કમિશને તેનો અંતિમ રિપોર્ટ માર્ચ ૨૦૨૨ સુધીમાં સુપરત કરવાનો રહેશે. આ પછી જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ










**NOG SS NO- 0088**

વિષય શબ્દ- લખતાં લખતાં કૃતિને મળેલ ઇનામ વિશે મનની અભિવ્યક્તિ

પ્રકાર- ગદ્ય/(સ્વાનુભવ)

શીર્ષક- પુસ્તક જીવન પથદર્શક

મારી નાનકડી ટમટમતી આંખોથી દુનિયાની વિશિષ્ટતાઓને વિસ્મય સાથે ખૂબ બારીકાઇથી અવલોકતી અને હું કલ્પનાની જુદી જ દુનિયામાં સરી પડતી...

ખુલ્લા ધાબેથી ચાંદ-તારાને જોતાં.. ચંદ્રમામાં એ ડોશીમાની ઝૂંપડી ને હરણ શોધવા પ્રયત્ન કરતી ત્યારે પણ મને તો એમાં અવનવી આકૃતિઓ જ દેખાતી. કદાચ આ ટેવે જ મને કિશોરાવસ્થાથી લખવા પ્રેરી હશે..

આઠમા ધોરણમાં અખાના છપ્પા વાંચ્યા પછી મેં "અર્વાચીન છપ્પા" નામે આઠ દસ છપ્પા લખી જ્યારે મારી માને બતાવ્યા ત્યારે તે ખૂબ રોમાંચિત થઈ ગયેલી. માએ તે બાજુમાં રહેતા શિક્ષકશ્રીને બતાવ્યા ત્યારે તેમણે ખુશ થઇને બિરદાવતાં ઇનામ પેટે બે રૂપિયા આપી પ્રોત્સાહિત કરેલી. સાહિત્યક્ષેત્રે આ મારું પ્રથમ અમૂલ્ય ઇનામ હતું. તેનાથી પોરસાઈ ક્યારેક કાંઈક લખી કે કાવ્યલેખન કરી લેતી.. એ નોટબુક હજું પણ જતનથી જાળવી છે..

સંજોગો અને સમય સાથે બાળપણની કલ્પનાઓનો સામનો યુવાનીની વાસ્તવિકતાઓ સાથે થતો ગયો. લગ્ન થયાં. બાળકોની સારસંભાળ વચ્ચે વચ્ચે એ સર્જક હૈયું ઉછાળા મારી લેતું ત્યારે હાથવગા કાગળિયાંમાં કાંઇક લખાઇ જતું. પણ તેને છાપવા કે છપાવવાનો કોઈ પ્રયત્ન ક્યારેય ન હતો કર્યો..

તેત્રીસ વર્ષે જ્યારે બી.એડ. કર્યું ત્યારે એમાં પુસ્તક સમીક્ષા ફરજિયાત હોવાથી અમારા આચાર્યશ્રી ડો. નિરંજનભાઈ મોદી સાહેબે તેની સ્પર્ધા યોજી હતી.. આ સ્પર્ધામાં મેં શ્રી કાંતિ ભટ્ટનું "પ્રારબ્ધનું મેઘધનુષ્ય મારા હાથમાં" પુસ્તકની સમીક્ષા કરી. જેમાં જીવતી જાગતી કુલ ૪૨ સફળ માનવોની કર્મઠ જીવનયાત્રા વિશે લખ્યું છે. આ પુસ્તકે મારા જીવનને વળાંક આપ્યો. ગમેતેવી કપરી પરિસ્થિતિમાં પણ વ્યક્તિ નિર્ધારિત ધ્યેયે પહોંચી શકે છે તેવું દૃઢ મનોબળ આપ્યું.

મેં પુસ્તક સમીક્ષાને બાહ્ય અને આંતરિક લક્ષણોને ધ્યાનમાં રાખીને કરેલી. ઊપરાંત એ પુસ્તકનું મારા માટે શું મૂલ્ય છે તે મેઘધનુષ્યના સાત રંગો સાથે આવરી લીધું હતું. બોલવાની શૈલી અને છણાવટે મને પ્રથમ ઈનામ અપાવ્યું. આનાથી પ્રેરાઈને મારામાં આત્મવિશ્વાસ અને સાહિત્યવાંચન વધ્યું. આ સમય દરમિયાન જ વાર્ષિકોત્સવમાં શ્રેષ્ઠ એંકરિંગનું ઇનામ પણ મળ્યું.. પછી તો ભણતર તરફ માંડેલા મારા ડગને સાહિત્યવાંચનનું પ્રકાશપથ અને આત્મબળ પૂરાં પડતાં ..મારી શિક્ષણયાત્રા શ્રેષ્ઠ પડાવને પામી.. તેથી કહી શકું કે..એક પુસ્તક માનવીય જીવન ચોક્કસ બદલી શકે છે..

"વાહ! કિતાબ તું છે અભિતાબ, તું છે જગતનો બેતાબ ખિતાબ, તું જ તો છે તિમિર ઊલેચક આફતાબ.."

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

**NOG SS 0092**

પ્રકારઃ-પદ્ય

શીર્ષકઃ- પ્રથમ ઇનામ મેળવતી વખતે મનમાં ઉઠેલ ભાવના

પ્રસંગ હતો એ ગાંધીબાપુના જન્મદિન નિમિત્તે યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધાનો.
એક પાંચમા ધોરણની વિદ્યાર્થીનીનો આઠમા ધોરણ સુધીના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સાથે પ્રતિસ્પર્ધાનો.
નાનકડી એ બાલિકા એ સાહિત્ય રસિક મા પાસે બેસી કરી તૈયારી,
ખૂબ આત્મવિશ્વાસથી છુપાવી હાથમાં પકડેલા માઇકની ધ્રુજારી.
સડસડાટ વકતવ્યથી કરી દીધા શ્રોતાઓને મંત્રમુગ્ધ,
એક-એક શીખેલા-વાંચેલા શબ્દોને ગોઠવીને ભાવથી અને લયબદ્ધ.
ઉત્કંઠા અને ભીતિને દબાવ્યા ભીતર,
જરાયે ના દેખાવા દીધો મુખ કે વાણી માં કોઈ ડર.
એક પછી એક વકતવ્યો થયા પુરા,
કેટલાક મનને સ્પર્શતા, તો કેટલાંક ભાવ વગરના અધૂરા.
પરિણામની આવી જ્યારે નિર્ણાયક ઘડી,
હૈયું જાણે હમણાં શરીરમાંથી બહાર આવશે ઉડી.

ઉદઘોષણાં થઈ પ્રથમ વિજેતા 'અલકા મહેતા' ના નામની,
હૈયે હેલી ઉઠી આનંદ અને આશ્ચર્યમિશ્રિત ભાવની.
તાળીઓના ગડગડાટ વચ્ચે પારિતોષિક લીધું,
મનમાં સપનું એક 'સારા વકતા' બનવાનું એ દિવસે જ રોપી દીધું.
ક્યારે પહોંચું ઘેર ને બતાવું ટ્રોફી મારા મમ્મી-પપ્પાને,
ભીંજાવા વ્હાલપની ધારે બસ એ જ અનુભૂતિ મારા નાના સા હૈયાને.

અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

---

**NOG SS NO - 0050**

વિષય - રચનાને પ્રથમ ક્રમાંક મળે ત્યારે મનની અભિવ્યક્તિ કે ખેદની અભિવ્યક્તિ.

શીર્ષક -

મનનો મોરલો નાચી ઉઠ્યો.

મારી કલ્પનાનું ઘોડાપૂર આવવું ઉત્કંઠતા હોયતો સંઘર્ષ કરવાથી ક્યાંય પણ પહોંચી શકાય છે. મારી લાગણીઓ મલકાય દરેક શબ્દે મારી માતૃભાષા બેલી ડાંસ કરે. ત્યારે મારાં એક એક શબ્દ સામેવાળી વ્યક્તિ પ્રભાવિત કરે ત્યારે મનડું નાચી ઉઠે છે. મારાં સાહિત્યની સફર મજાની એક પગેરું મળ્યું લખવા માટે એ પંથ પર ચાલતી ગઈ. જ્યારે મારી રચનાને પ્રથમ નંબર પર આવતાં બધાને મારી રચના વંચાતી ખુશીઓનો કોઈ પાર નહતો. જ્યારે પેપર માં આવતી જન્મભૂમિમાં આપનું પાનું ત્યારે મનનો મોરલો નાચ્તો સાથે બધાને પણ નચાવતી. મારી અધુરી જિંદગીને સાથ આપ્યો મારી કલમને મારાં મનડાના ભાવને ઘુટયા કરું છું. મારી જોડે રહીને પ્રેમથી કવિતા હવે લખાઈ જાય છે .જાણે મને જાતે જ લખાવતી હોય.

લગ્ન પછી અતિ વ્યસ્ત સમયમાં રહેતી ટ્યુશન કરતી, ઘરનું કામ કરતી ,એમાં વળી મેણાંટોણાની પ્રસાદી મળતી.ટ્યુશન ઓછાં કર્યા પછી લખવા તરફ વળી. આમ તો લગતી કવિતા મુંબઈ સમાચારમાં, જન્મભૂમિમાં, ધર્મલોક માં લેખ આર્ટીકલ આવતાં પણ જ્યારે એક સ્પર્ધા હતી અને એ સ્પર્ધામાં ઇનામરૂપે મને પ્રથમ સ્થાન મળ્યું . ૨૫૧ રૂપિયા ઉપહારમાં સાથે સર્ટિફિકેટ પણ મળ્યું. જેનો આનંદ મારાં ઉરમાં હજી પણ છે જ અને જ્યારે જ્યારે વાત વાગોળું છું ત્યારે મનનો મોરલો નાચી ઉઠે છે. ગગનમાં વિહાર કરતી થઈ જાવ છું. મારા સસરાજીએ એની સાથે ૫૦૦ રૂપિયાનું ભેટ આપી આગળ વધતી રહે એવા આશિષ આપેલાં.

મને મળેલું પ્રોત્સાહન મારાં માટે તો ઔષધ સમાન છે. કેમકે લખવાથી વ્યસ્ત રહેવા લાગી એને લીધે મારાં ડાયાબિટીસમાં ઘણો સુધારો થવા લાગ્યો. પોતાનાએ આપેલાં ઝખ્મોને સમય ન મળ્યો અને ડાયાબિટીસ કાબૂમાં આવતું ગયું. મને લખવામાં ખૂબ આનંદ મળે છે જાણે રામ ગમતાનો ગુલાલ કરીએ મીઠી સાકર અને કેડબરી ખાવાનું જેવું લાગે. ક્યારે પણ શીખવા માટે ઉંમર નથી જેની પાસે પણ શીખવા મળે તો શીખી લઉં છું. શીખવાથી મને ખૂબ જ આનંદ મળે છે. નાના-મોટા દરેક પાસે શીખવું ગમેછે. પછી તો એક પ્રવાહ વહેતો રહ્યો. ઘણાં ગ્રુપમાં કાર્યરત છું , પેપરોમાં આવે છે, સહિયારી બુકો પણ છે, પીડીએફ પણ છે . લખવાનો સંતોષ છે .મારી પા.. પા... પગલી પાડુ છું. પાડતી રહીશ અને આનંદ લુટતી જ રહીશ...!

રાગીની શુક્લ. રાગ,મુંબઈ.

## ૧૪ ડીસેમ્બર, "રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ" પ્રતિ ક્ષણ ઉર્જાનાં રક્ષણ થકી જ શક્ય "ઉર્જા સંરક્ષણ"



વિશ્વની વધતી જતી જનસંખ્યાની સાથે ઊર્જાની જરૂરિયાત પણ વધતી જાય છે. સામાન્ય જીવનમાં આપણે ઘણા બધા ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરીએ છીએ જેમ કે વીજળી. વીજળી સામાન્ય જનજીવનની જરૂરિયાત છે.વીજળી વગરનું જીવન આજના લોકો માટે શક્ય નથી. આપણી આસપાસ નજર કરીએ તો ખ્યાલ પડે કે એવી એક પણ ક્ષણ નથી કે જ્યારે આપણે વીજળીનો પ્રયોગ ન કરતા હોઈએ. સીધી કે આડકતરી રીતે લોકોને હવે સતત એના સંપર્કમાં રેહવું જ પડે છે.

ભારતમાં બળતણ તરીકે લાકડાનો ઉપયોગ થાય છે. અશ્મિભૂત ઈંધણ(ઘણા વર્ષોની જહેમત બાદ પ્રાપ્ત થતું ઈંધણ જેનો વપરાશ કર્યા બાદ તે ઝડપતી પ્રાપ્ત થઈ શકતું નથી.), ક્રૂડ તેલ, કોલસો, કુદરતી ગેસ વગેરે રોજિંદા જીવનમાં ઉપયોગ માટે પૂરતી ઊર્જા ઉત્પન્ન કરે છે પરંતુ તેમની માટે વધતી માંગને કારણે કુદરતી સંસાધનોમાં ભવિષ્યમાં તેની અછત સર્જાઈ શકે છે. ઊર્જા સંરક્ષણ દ્વારા ઊર્જાની બચત કરી શકાય છે. આ ઊર્જા સ્ત્રોતોને બચાવવા માટે ભારત સરકાર દ્વારા ૧૪ ડિસેમ્બર, ૧૯૯૧નાં વર્ષથી "રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ" ઉજવવમાં આવે છે. ભારત સરકાર દ્વારા આ માટે કેટલીક યોજનાઓ પણ ઘડવામાં આવી છે જેમકે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના,સૂર્ય શક્તિ કિસાન યોજના, સૂર્ય કૂકર યોજના વગેરે. ઊર્જા સંરક્ષણ દિવસનો મુખ્ય હેતુ પુનઃ અપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોને બચાવવાનો છે. તેનાં માટે ઘણા પગલા લઈ શકાય છે :

। વીજળીનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરવો. જ્યાં ત્યાં લાઈટ અને પંખા ચાલુ હોય ત્યાં બંધ કરી દેવા અને ઈલેક્ટ્રીસીટી ઓછી વાપરે તેવા વાયરોનો ઉપયોગ કરવો જોઈએ.

। લાકડાનો ઉપયોગ ભારતમાં ઈંધણ તરીકે કરવામાં આવે છે.ગામડામાં મોટા ભાગના લોકો ખોરાક રાંધવા માટે પણ લાકડાનો ઉપયોગ કરે છે.જો એલપીજી નો ઉપયોગ ખોરાક રાંધવા માટે કરવામાં આવે તો લાકડાનો બચાવ થઈ શકે છે.

। હંમેશા આઈએસઆઈ સ્ટેમ્પ્ડ પાવર ટૂલ્સ વાળા વીજળી સાધનોનો ઉપયોગ કરવો.

। સોલાર ઊર્જાના ઉપયોગથી વીજળી અને અશ્મિભૂત ઈંધણનો બચાવ કરી શકીએ છીએ. સુર્યકુકરથી ભોજન બનાવી શકીએ છીએ.સોલાર બેટરી દ્વારા વીજળીનો પણ બચાવ કરી શકીએ છીએ.

। બળતણ માટે ગાયનાં છાણનો પણ ઉપયોગ કરી શકાય છે.

। પાણીનો વધુ પડતો વેડફાટ ન કરતા જરૂર પડે ત્યાં જ પાણીનો ઉપયોગ કરવો.

મિત્તલ ખેતાણી


## 'બાહ્ય શત્રુ અને અંતર્ગત દેશદ્રોહીઓ સામે ભારતની સુરક્ષા આ વિષય પર 'ઓનલાઈન વિશેષ સંવાદ !

ભારતના ચીફ ઓફ ડિફેંસ સ્ટાફ (સી.ડી.એસ.) જનરલ બિપિન રાવતે ત્રણેય દળનું એકત્રિકરણ કરીને દેશના આંતર-બાહ્ય શત્રુઓના વિરોધમાં એક પ્રભાવી યંત્રણા તૈયાર કરી હતી. ઉરી, મ્યાનમાર અને ડોકલામ ખાતે યશસ્વી સૈન્ય કાર્યવાહી કરી હતી. તેમના ચાલુ રહેલા પ્રયત્નોને કારણે આગામી બે-અઢી વર્ષોમાં દેશની સર્વ અડચણો દૂર થઈ હોત; પણ તેમના અકાળે મૃત્યુને કારણે તેના પર ભલે પરિણામ થયું હોય, તો પણ સી.ડી.એસ. રાવત પછી તેવી જ ક્ષમતાના, અભ્યાસુ, તજ?જ્ઞ, અનુભવી, કુશળતા ધરાવનારા નવા સૈન?યાધિકારી સી.ડી.એસ. પદવી માટે નિયુક્ત કરવામાં આવશે અને તે તેમનું બાકી રહેલું કાર્ય યશસ?વી રીતે આગળ ધપાવશે. ભારતના આગામી કાર્ય પર વિપરિત પરિણામ થવા દેવામાં આવશે નહીં, એવું પ્રતિપાદન યુદ્ધ સેવા પુરસ?કાર પ્રાપ?ત તેમજ (નિવૃત્ત) બ્રિગેડિયર હેમંત મહાજને કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'બાહ્ય શત્રુ અને અંતર્ગત દેશદ્રોહીઓ સામે ભારતની સુરક્ષા' આ વિષય પર 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા. આ સમયે સંવાદમાં બોલતી વેળાએ સર્વોચ્ચ ન?યાયાલયના ધારાશાસ્ત્રી પૃથ્વી ચોહાણે કહ્યું કે, સી.ડી.એસ. બિપિન રાવત 'આત્મનિર્ભર ભારત' યોજના અંતર્ગત ત્રણેય દળોનું સક્ષમીકરણ કરતા હતા. અઢી મોર્ચાઓ પર અર્થાત્ એક મોર્ચો પાકના વિરોધમાં, બીજો ચીનના વિરોધમાં અને અર્ધો મોર્ચો દેશદ્રોહીઓના વિરોધમાં તેઓ લડી રહ્યા હતા. જેહાદી નેતાઓને ઘરમાં ઘૂસીને મારી નાખવામાં આવતા હતા. તેને કારણે રાવતના નિધનથી જેહાદીઓને આનંદ થઈ રહ્યો છે; પણ દેશપ્રેમીઓએ ભેગા મળીને તેમને ઉત્તર આપવો જોઈએ.

'ભારત રક્ષા મંચ'ના રાષ?ટ્રીય સચિવ શ્રી. અનિલ ધીરે કહ્યું કે, સી.ડી.એસ. બિપિન રાવતના નિધન પર આનંદ વ્યક્ત કરનારા જે જેહાદી પ્રવૃત્તિના લોકો છે, તેઓ પહેલાં સૈન્યદળ પર બલાત્કારના, કાશ્મીરમાં માર્ગ ભૂલેલા યુવાનોને મારી નાખતા હોવાનો આરોપ મૂકીને તેમને માનસિક રીતે ઉતારી પાડતા. તેમની સાથે જ કયુનિસ્ટ, ચીનસમર્થક, આતંકવાદી અને પૃથ?થકરણવાદી લોકો વિવિધ વૃત્તવાહિનીઓ પર ચર્ચા કરીને સૈન?યનું મનોબળ ઓછું કરવાના પ્રયત્ન કરતા હતા. જે સૈનિકો પોતાના જીવના જોખમે દેશનું રક્ષણ કરી રહ્યા છે, તે વિશે અપમાનકારક બોલવું ભૂલભરેલું છે. હિંદુ જનજાગૃતિ સમિતિના મધ્ય પ્રદેશ અને રાજસ?થાન સમન્વયક શ્રી. આનંદ જાખોટિયાએ કહ્યું કે, હવે યુદ્ધમાં પલટો થયો છે. તેથી સીમા પરના શત્રુઓ સાથે જ અંતર્ગત દેશદ્રોહીઓ સાથે સૈન?યને લડવું પડે છે. ત્રિપુરામાં થયેલી ઘટના પરથી મહારાષ?ટ્રમાં ૬ સ?થાનો પર ધર્માંધોએ રમખાણો કર્યા. આગળ જતાં આવી ઘટનાઓ હજી વધવાની છે. સદર અરાજકતાવાદીઓ સાથે દેશવાસીઓને મોટો સંઘર્ષ કરવો પડશે. સૈન્યનું અપમાન અને દેશના વિરોધમાં લડનારા અંતર્ગત શત્રુઓ પર કઠોર કાર્યવાહી કરવા માટે કેંદ્રસરકારે નવો કાયદો કરવો જોઈએ. તેમજ સર્વ દેશપ્રેમીઓએ એકત્રિત થઈને આ દેશદ્રોહીઓને જડબેસલાક ઉત્તર દેવો જોઈએ, એવું પણ શ્રી. જાખોટિયાએ કહ્યું.

## વિવિધ વ્યાધિઓ પર ભારતીય સંગીત ચિકિત્સા અત્યંત પ્રભાવી ! - શૉન ક્લાર્ક

# 'મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય વતી 'આરોગ્ય માટે સંગીત ચિકિત્સા આ વિષય પર સંશોધન પ્રસ્તુત !




'આધ્યાત્મિક દષ્ટિએ શુદ્ધ રહેલું સંગીત વ?યક્તિના રોગ નિવારણ માટે અને ઔષધિઓ પર આધારિત જીવનશૈલી ઓછી કરવામાં સહાયતા કરી શકે શું ', એ જાણી લેવા માટે મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયે ઉચ્ચ રક્તદાબ (હાયપરટેન્શન) રહેલા વ્યક્તિઓ પર કેટલીક કસોટીઓ દ્વારા સંશોધન કરવામાં આવ્યું. આ સંશોધન દ્વારા આધ્યાત્મિક દષ?ટિએ સકારાત્મક નાદ અથવા સંગીત વ?યક્તિને વિવિધ માંદગીઓ પર માત કરવા માટે સહાયતા કરી શકે છે. તેમજ વિદેશી સંગીત ચિકિત્સા કરતાં ભારતીય સંગીત ચિકિત્સા વધુ પ્રભાવી હોવાનું સંશોધનમાં જણાઈ આવ?યું, એવું પ્રતિપાદન મહર્ષિ અધ?યાત?મ વિશ?વવિદ્યાલયના શ્રી. શૉન ક્લાર્કે કર્યું. તેઓ 'www.hinduscriptures.com` આ સંકેતસ?થળે આયોજિત કરેલા 'આરોગ?ય માટે સંગીત ચિકિત?સા' આ વિષય પરના ફેસબુક 'વેબિનાર'માં બોલી રહ્યા હતા. આ વેબિનારનું આયોજન સંકેતસ્થળનાં સંસ્થાપિકા અને 'ધ હિંદુ કલ્ચર એંડ લાઈફસ્ટાઈલ/ધ વેજ સફારી' આ ગ્રંથનાં લેખિકા શ્રીમતી વૈશાલી શાહે કર્યું હતું. આ સમયે શ્રી. ક્લાર્કે 'સંગીતનું વ્યક્તિ પર આધ?યાત?મિક દૃષ્ટએ થનારું પરિણામ' આનો અભ?યાસ કરવા માટે મહર્ષિ અધ્યાત્મ વિશ?વવિદ્યાલયના સંસ?થાપક પરાત?પર ગુરુ ડૉ. જયંત બાળાજી આઠવલેજીના માર્ગદર્શન હેઠળ કરેલું સંશોધન પ્રસ?તુત કરવામાં આવ્યું.


સંગીતનું વ?યક્તિ પર થઈ રહેલું પરિણામ આનો અભ્યાસ કરવા માટે ઉચ?ચ રક્તદાબ ધરાવનારી ૫ વ્યક્તિઓને શાસ?ત્રીય સંગીતમાંનો રાગ 'ગોરખકલ્યાણ'ની સીધી પ્રસ્તુતા એક કલાક સુધી સાંભળવા બેસાડ્યા. કેટલાક સંગીત તજ?જ્ઞોના મતમાં ગોરખકલ?યાણ રાગ રક્તદાબ ઓછો કરવા માટે ઉપયોગી છે. રાગ પ્રસ્તુત કરનારા કલાકાર શ્રી. પ્રદીપ ચિટણીસ ઉચ?ચ આધ?યાત?મિક સ?તર ધરાવનારા અને આધ?યાત?મિક દષ?ટિએ સકારાત્મક હતા. આ પ્રયોગના ૪૮ કલાક પહેલાં વૈદ્યકીય તજ?જ્ઞોના માર્ગદર્શન હેઠળ યોગ?ય તે કાળજી લઈને આ કસોટીમાં સહભાગી વ?યક્તિઓની ઉચ?ચ રક્તદાબની ઔષધીઓ બંધ કરવામાં આવી હતી. 'રાગ ગોરખકલ?યાણ' સાંભળવા પહેલાં અને પછી સહભાગી વ?યક્તિઓના રક્તદાબનું માપન કરવામાં આવ?યું, તેમજ 'યુનિવર્સલ ઑરા સ્કેનર' (યુ.એ.એસ.) યંત્ર દ્વારા તેમના સકારાત્મક અથવા નકારાત્મક ઊર્જા પર સંગીતના થનારા પરિણામનો અભ?યાસ કરવામાં આવ?યો. 'રાગ ગોરખકલ?યાણ' સાંભળ્યા પછી બીજા દિવસે સવારે સહુનો રક્તદાબ માપવામાં આવ?યો. તે સમયે ૫ માંથી ૪ જણનો રક્તદાબ સંગીત સાંભળવા પહેલાંના તેમના રક્તદાબની તુલનામાં ઘટી ગયો હતો. એકનો રક્તદાબ સામાન્ય હતો. 'વધેલા રક્તદાબમાં ઘટાડો થયો અને ૭૨ કલાક ઔષધોપચાર કર્યા વિના પણ તે ટકી રહ્યો', આ વાત વિશિષ?ટતાપૂર્ણ હતી. સંગીત સાંભળ્યા પછી વ?યક્તિઓની નકારાત?મક ઊર્જા સરેરાશ ૬૦ ટકા ઘટી ગઈ અને તેમની સકારાત?મક ઊર્જામાં સરેરાશ ૧૫૫ ટકા વૃદ્ધિ થઈ. આ રીતે સંગીતનું પરિણામ દર્શાવનારી અન?ય કસોટીઓ વિશે વિગતવાર જાણકારી પણ શ્રી. ક્લાર્કે આ સમયે આપી.

સદર સંશોધનમાં બ્રિટીશ બેંડ 'માર્કોની યુનિયન'ના 'વેટલેસ' રહેલું રિલેક્સ મ્યુઝિક પણ સંભળાવવામાં આવ્યું. આ પ્રયોગ પછી પણ બે જણનો રક્તદાબ ઓછો થયો, પણ બેઉના નાડીના ધબકારાં વધી ગયા. તેમજ યુ.એ.એસ. યંત્ર દ્વારા કરેલી કસોટીમાં તેમની નકારાત્મકતામાં સરેરાશ ૫૩ ટકા વૃદ્ધિ થઈ, જ?યારે એકનું સકારાત?મક પ્રભામંડળ ૫૩ ટકાથી ઘટી ગયું અને બીજાનું સકારાત્મક પ્રભામંડળ પૂર્ણ રીતે ઓછું થયું. આમાંથી એવું ધ?યાનમાં આવ્યું કે, ભારતીય સંગીત અને નાદ ચિકિત્સા દ્વારા વ્યાધિ ઓછી થાય છે, તે સાથે જ વ?યક્તિનું સકારાત?મક પ્રભામંડળ પણ વધે છે. જ?યારે વિદેશી સંગીતને કારણે વ?યાધિ ભલે ઓછી થતી હોય, તો પણ સકારાત્મકતા ઓછી થઈને નકારાત?મકતા વધે છે, એવું જોવા મળ્યું. આ સંશોધન દ્વારા સંગીતનું વ્યક્તિ પર કેવળ માનસિક જ નહીં, જ્યારે આધ?યાત?મિક સ?તર પર પણ પરિણામ થાય છે. સંગીતનો ખરો લાભ મેળવવા માટે વ્યક્તિએ આધ?યાત?મિક દષ?ટિએ શુદ્ધ સંગીત સાંભળવું મહત્ત્વનું છે. સંગીત ચિકિત?સા (મ્યુઝિક થેરપી)નો વૈદ્યકીય શાસ?ત્રોએ વિચાર કરવો જોઈએ; કારણકે તે માટે કાંઈ જ ખર્ચ થતો નતી; પણ તેના લાભ પુષ્કળ છે, એવું પણ શ્રી. ક્લાર્કે કહ્યું. આ સંશોધનની પ્રસ્તુતા 'www.hinduscriptures.com` આ સંકેતસ?થળના ફેસબુક પેજ પર ઉપલબ?ધ છે.

## જીવનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાજીનું મહત્વ.

આપણાં જીવનમાં દરેક ધાર્મિક પુસ્તકો કાંઈક કરવાની પ્રેરણા આપતાં હોય છે. પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતા એ રીતે જીવનમાં મદદરૂપ થાય છે કે જીવનમાં બનતી સારી નરસી સમસ્યાઓનો સામનો કઈ રીતે કરવો, જીવનના આટાપાટામાંથી કઈ રીતે બચવું. ટૂંકમાં ગીતાજી એ જીવનમાં એક ટોનિક સમાન છે. ગીતાજીનું ઉદ્ભવ સ્થાન મહાભારતની યુદ્ધભૂમિ છે. અર્જુન જ્યારે હિંમત હારીને, ગાંડીવ ધનુષ હેઠે મુકીને નિરાશ વદને રથમાં બેસે છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને પોતાના જ્ઞાન થકી, જે ઉપદેશ આપ્યો, એજ આપણો સૌનો પ્યારો ગીતા ગ્રંથ છે. અર્જુનને પોરસ ચઢાવવા, એનો ઉત્સાહ વધારવા, તથા તેનું સાચુ કર્મ, ફરજ, કર્તવ્ય એ વિશે વિસ્તૃત જ્ઞાન અને ઉપદેશ આપવા, ભગવાન શ્રીકૃષ્ણે જે સૂરાવલી વહાવી હતી એજ આપણો પવિત્ર ગ્રંથ ગીતાજી છે. ગીતાજીનું આખુ નામ શ્રીમદ્ ભગવદ્ ગીતા છે, પરંતુ લોકો ટૂંકાણમાં ગીતા કે ગીતાજી તરીકે ઓળખે છે. માગસર સુદ એકાદશીના દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાજીનું જ્ઞાન રૂપી અમૃત અર્જુનને પિવડાવ્યું હતું, એનો લાભ આજે પણ આપણે સૌ લઈએ છીએ. આ કારણે જ માગસર સુદ એકાદશીને ગીતા જયંતિ તરીકે ઓળખવામાં આવે છે. આપણી હિંદુ સંસ્કૃતિમાં તથા વિશ્વના અન્ય દેશોમાં ધણાં બધાં ધર્મગ્રથોની રચના થયેલી છે, અરે વેદો ,પુરાણો તેમજ ઉપનિષદોની રચના થયેલી છે, પરંતુ જન્મ જયંતિ તો ગીતાજીની જ ઊજવવામાં આવે છે અને આના ઉપરથી આપણને ગીતાજીનું મૂલ્ય તથા મહત્વ શું છે તે સમજી શકાય છે. આપણાં અન્ય ગ્રંથોની રચનાઓ તો ઋષિ મુનિઓ, જ્ઞાની વ્યક્તિઓ, કે ધર્મગુરૂઓએ કરેલી છે, જ્યારે ગીતાજી તો સ્વયં ભગવાન શ્રી કૃષ્ણના મુખારવિંદમાંથી પ્રગટ થયેલ છે. મૂળ તો ગીતાજી એ મહાભારતનો એક ભાગ જ છે. કહેવાય છે કે યુદ્ધભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણએ ૭૦૦ અર્થસભર શ્લોકોનો પાર્થને ઉપદેશ આપ્યો હતો, તે મહર્ષિ વેદવ્યાસજીએ પોતાની આગવી સૂઝબૂઝ તથા આવડતથી અલગ તારવીને, આપણને ગીતાજી નામના પવિત્ર અને પાવન ગ્રંથની ભેટ આપી અને એનું નામકરણ શ્રીમદ્ ભગવદ્ ગીતા રાખવામાં આવ્યું. બીજા ગ્રંથોની માફક ગીતાજીએ કાંઈ વાંચવાનો પૂજા કરવાનો ગ્રંથ નથી, પરંતુ એના તમામે તમામ શ્લોકોને સમઝી વિચારીને પોતાના દૈનિક જીવનમાં ઉતારવાનો છે. ગીતાજી વિશે તો જેટલું લખીએ એટલું ઓછું પડે એમ છે. જેમ સાગરનો કોઈ તાગ નથી એવી રીતે ગીતાજીનો પણ કોઈ તાગ નથી. જ્યાં જ્યાં સુધી માનવજાતની હસ્તિ છે, ત્યાં ત્યાં સુધી ગીતાજીના ગુણગાન ગવાતા રહેશે અને ગીતા જયંતિની ઉજવણી થતી રહેશે.

યોગેશભાઈ આર જોષી
હાલોલઃ ૩૮૯ ૩૫૦,
જિ.પંચમહાલ.



### આજે ૧૩ ડિસેમ્બરના રોજ વારાણસી ખાતે

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તેવિશ્વ પ્રસિદ્ધ કાશીવિશ્વનાથ ધામનો "ભવ્ય કાશી દિવ્ય કાશી" લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો

**૨૦૧૪ પહેલા દેશમાં મોજૂદ હિન્દુ મંદિરો જીર્ણ ક્ષીણ અને જર્જરિત અવસ્થામાં હતા અને તેના પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવતું હતું. - શ્રી અનિલભાઈ પટેલ**




ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ૧૩ ડિસેમ્બરના રોજ વારાણસી ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે વિશ્વ પ્રસિદ્ધ કાશીવિશ્વનાથ ગામનો ભવ્ય કાશી દિવ્ય કાશી લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો હતો.

આ દિવ્ય કાર્યક્રમના સૌ કોઈ સાક્ષી બને તે માટે ગાંધીનગર જિલ્લા ભાજપા પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, શ્રી પંકજભાઈ ચૌધરી અને અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં જુદા જુદા સ્થળોએ મંડળ અને તાલુકા કક્ષાએ આ કાર્યક્રમના લાઈવ પ્રસારણ નિદર્શન અને ભગવાન શિવના જળાભિષેકના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા

જેમાં માણસા આનંદી માં ના વડલે જિલ્લા ભાજપા પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલ, કલોલ શહેરમાં અંબાજી મંદિર ખાતે, કલોલ તાલુકામાં ભાઉપુરા, રણછોડપુરા ખાતે જિલ્લા ભાજપા મહામંત્રીશ્રી રમેશજી ઠાકોર, વડા સ્વામી ખાતે જિલ્લા ભાજપા મહામંત્રીશ્રી રાજુભાઈ પટેલ, ગાંધીનગર તાલુકામાં ચંદ્રાલા ખાતે જિલ્લા ભાજપાના મહામંત્રીશ્રી રમણભાઈ દેસાઈ, પૂર્વ મહામંત્રીશ્રીઓ શ્રી આઇ.બી.વાઘેલા, શ્રી નાથુભાઈ ચૌધરી, દહેગામ તાલુકાના પાલૈયા નીલકંઠ મહાદેવ ખાતે ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં તથા દહેગામ શહેરમાં નીલકંઠ મહાદેવ ખાતે આ નિદર્શન અને જળાભિષેકના કાર્યક્રમ યોજાઈ ગયા હતા. જેમાં સંબંધિત મંડલ સંગઠનના ભાજપના પદાધિકારીઓ, સંતો, મહંતો ધાર્મિક આગેવાનો, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સહકારી ક્ષેત્રના આગેવાનો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના લોકપ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ અને નાગરિકો મોટી સંખ્યામાં આ ક્ષણના સાક્ષી બન્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું જિલ્લા કક્ષાએ સંકલન જિલ્લા ભાજપા મહામંત્રીશ્રી રાજુભાઈ પટેલ, જિલ્લા ભાજપા આગેવાન સેવાનુરાગી શ્રી દિનેશભાઈ વ્યાસ અને જિલ્લા ભાજપા સોશ્યલ મીડિયા સંયોજક શ્રી દેવેન્દ્રભાઈ બારોટે કર્યું હતું.

આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ પ્રસંગે જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલે કહ્યું હતું કે ૨૦૧૪ પહેલા દેશમાં મોજૂદ હિન્દુ મંદિરો જીર્ણ ક્ષીણ અને જર્જરિત અવસ્થામાં હતા અને તેના પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવતું હતું. પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ માં કેન્દ્રમાં સતાના સૂત્રો સંભાળ્યા બાદ આ ધાર્મિક સ્થળો મંદિરો અને દેવસ્થાનોની કાયાપલટનું અને ભાવિક ભકતો, યાત્રાળુઓ માટે અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. શ્રી પટેલે કહ્યું હતું કે ગુજરાતમાં ભવ્ય સોમનાથ મંદિર, અયોધ્યા ખાતે આપણા આરાધ્યદેવ ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર, કેદારનાથ ધામ ખાતે આદિ શંકરની મૂર્તિની સ્થાપના સાથે સુસજ્જ પરિસર, સુપ્રસિદ્ધ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર તેના તાદૃશ્ય ઉદાહરણ છે. આ ઉપરાંત મિરઝાપુર ખાતે માં વિંધ્યવાસીની મંદિરનું પણ પુનઃ નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. શ્રી પટેલે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારમંત્રીશ્રી અમિતભાઈ શાહે એક નવા યુગની શરૂઆત કરી છે. આ મંદિરો માત્ર ધાર્મિક સ્થળ જ નહીં પરંતુ આધ્યાત્મિક ચેતના અને આસ્થાનો ઉર્જા સંપૂટ છે. તેના પુનઃનિર્માણ દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગ્રૂહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે નાગરિકોની શ્રદ્ધા અને ભક્તિના સંપોષણ - સંવર્ધનનો ભગીરથ યજ્ઞ આદર્યો છે.

શ્રી પટેલે અંતમાં કહ્યું હતું કે આપણે સૌ આ ગૌરવાન્વિત અને ભાવાત્મક ક્ષણોને વધાવીએ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રિય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહને અભિનંદન સહ આભાર પાઠવીએ.

# અમેરીકા- કેલિફોર્નિયાના લોસ એન્જલસ મા ભારતના અમર શહીદોને ભાવભિની શ્રદ્ધાંજલિ આપવામાં આવી






દક્ષિણ કેલિફોર્નિયાના બૃહદ લોસ એન્જેલસ વિસ્તારની પ્રસિદ્ધ ઑરેન્જ કાઉન્ટીના આર્થિક પાટનગર સમા સિટી ઑફ અર્વાઈન ખાતે આવેલ 'વૈષ્ણવ સમાજ ઑફ સધર્ન કેલિફોર્નિયા' (VSOSC) સંચાલિત 'શ્રીનાથજી હવેલી' ના સાંસ્કૃતિક સેન્ટર ખાતે સદર વૈષ્ણવ સમાજ ,' અમેરિકન હિન્દુ ફેડરેશન' તથા 'યુનાઈટેડ ઈન્ડીયન અમેરિકન્સ,ઑરેન્જ કાઉન્ટી' એમ ત્રણે સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ભારત ખાતે તાજેતરમાં થયેલ હેલિકોપ્ટર અકસ્માતમાં શહીદીને વરેલ ભરતના 'ચીફ ઑફ ડીફેન્સ સ્ટાફ' (CDS) સ્વ. જનરલ બિપીન રાવત,તેમનાં ધર્મપત્ની સ્વ.મધુલિકા રાવત તથા અન્ય ૧૧ શહીદોને ભાવભીની વિનમ્ર શ્રદ્ધાંજલિ આપવાનો ભવ્ય કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં હવેલીના ટ્રસ્ટીમંડળ વતી હિતેશ હાંસલિયાએ સૌને આવકાર્યા હતા. અને ત્યાર બાદ હવેલીના સ્થાપક શ્રીમતિ હંસાબેન પટેલે પણ સોને આવકાર્યા હતા. અને અમર શહીદોને શાબ્દિક શ્રદ્ધાંજલિ આપી હતી. તથા આવા પ્રસંગો માટે હવેલીનો હોલ નિશુલ્ક ખુલ્લો છે એમ જણાવ્યું હતું . આ પ્રસંગે હવેલીના મુખિયાજી શ્રી પંકજભાઈ વ્યાસજીએ પ્રસંગને અનુરૂપ શાંતિમંત્રોનુ પઠન કર્યું હતું.

અનેક મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ અર્પી હતી જેમાં ડૉ.સુરેન્દ્ર શર્મા, સુરેશ લોહિયા , અરૂણ દત્ત વગેરે મુખ્ય હતા.

આ પ્રસંગે સ્વ. બિપીન રાવતના જીવનના કેટલાક વિડીઓ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપાયેલ શ્રદ્ધાંજલિનો વિડીઓ પણ રજૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. સુરેન્દ્ર શર્માએ કર્યું હતું.

( માહિતી;- ગુણવંતભાઈ પટેલ અને તસ્વિર;- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા.)

# ઊંઝાના ધારાસભ્ય શ્રી કુમારી આશા બહેનો દેહ પંચમહાભૂતમાં વિલિન થયો



છેલ્લા ત્રણ દિવસથી અમદાવાદની હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા આશાબેન પટેલ નો ગઈકાલના રોજ નિધન થતાં તેમના પાર્થિવ દેહને પોતાના મત વિસ્તાર ખાતે આવેલ એપીએમસીમાં દર્શનાર્થે રાખવામાં આવેલ હતો જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ રાજકીય આગેવાનો સહિત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમજ બળવંતસિંહ રાજપૂત સહિતના આગેવાનો ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના ઉંઝા ના લડાયક ધારાસભ્યશ્રી આશાબેન પટેલ છેલ્લા ત્રણ દિવસથી ડેન્ગ્યુના ભરડામાં હોવાથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા ત્યારે ગત રોજ અમદાવાદની ઝાયડસ હોસ્પિટલ ખાતે છેલ્લા અંતિમ શ્વાસ લીધા હતા ત્યારે તેમના મત વિસ્તારના કાર્યકરો તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો માં શોકનું મોજુ ફરી વળ્યું હતું .ત્યારે આશાબેન નો પાર્થિવદેહ ઊંઝા એપીએમસી ખાતે દર્શનાર્થે મુકવામાં આવતા રાજ્યના પૂર્વ સીએમ વિજય રૂપાણી જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત સહિતનાઓ પહોંચી શ્રદ્ધાંજલિ અર્પી હતી તેમ જ આજરોજ સવારે પાર્થિવદેહને તેમના વતન વિશોળ ખાતે લઈ જવામાં આવ્યો હતો ત્યારબાદ તેમની વિશોળ ગામેથી અંતિમયાત્રા નીકળી સિદ્ધપુર ખાતે આવી સરસ્વતી નદીના ખાતે પરથી દેશને પંચમહાભૂત વિલન થયું હતું અત્રે ઉલ્લેખનીય છે કેઊંઝાના ધારાસભ્ય આશાબેન નિધનથી સમગ્ર ઊંઝા સહિત મહેસાણા જિલ્લો પણ શોકની લાગણી અનુભવે છે ત્યારે આજરોજ ઊંઝા તેમજ વડનગરની બજારો બંધ રહેશે તેમ વેપારીઓએ જણાવ્યું હતું , રીપોર્ટર નિખિલ જોશી પાટણ

### બાંઠીવાડા પંથકમાં શોકની લાગણી

# અરવલ્લી : પોલીસની પરીક્ષાની તૈયારી કરતી યુવતીનું રનીંગની પ્રેક્ટિસ કરતા પડી જતા મોત નીપજ્યું



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લીના માલપુર તાલુકાના ભુકાકુતરી ગામની અને મેઘરજના બાંઠીવાડા (લાલા કુંપા) માં મામાના ઘરે રહી લોકરક્ષક દળની પરીક્ષાની તૈયારી કરતી ૨૨ વર્ષીય યુવતી રનિંગની પ્રેક્ટિસ દરમિયાન પડી જતા ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા સમગ્ર પંથકમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી લોકરક્ષક દળની પરીક્ષા પાસ કરે તે પહેલા યુવતી જિંગદીની રેસમાં હારી જતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા

પ્રાપ્ત માહિતી અનુસાર, માલપુર તાલુકાના ભુકાકુતરી ગામની ગીતાબેન કોદર ભાઈ પગી નામની યુવતી છેલ્લા કેટલાક સમયથી મેઘરજ તાલુકાના બાંઠીવાડા ના પેટાપરા લાલાકુપામાં તેના મામાના ઘરે રહી લોકરક્ષક દળની પરીક્ષાની તૈયારી કરી રહી હતી લોકરક્ષક દળની પરીક્ષામાં દોડની કસોટી સમયમર્યાદામાં પુરી થાય તે માટે દરરોજ રાબેતા મુજબ સવાર-સાંજ રનિંગની પ્રેક્ટિસ કરતી હતી રનિંગની પ્રેક્ટિસ દર્મિયાન યુવતી નીચે પડી જતા માથાના ભાગે સહીત શરીરે ઈજાઓ પહોંચતા ઈજાગ્રસ્ત યુવતીને તાબડતોડ સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી તબીબોની સઘન સારવાર કારાગત ન નીવડતા યુવતિનું અકાળે મોત થતા મેઘરજ-માલપુર પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી હાલમાં લોકરક્ષક દળની પરીક્ષાની તૈયારી કરતા પરિવારજનો અને સાથે પ્રેક્ટિસ કરતી યુવતીઓએ જણાવ્યું હતું કે ગીતા ખુબ જ મહેનતુ હતી દોડવામાં બહુ જ ધ્યાન આપતી હતી. એટલુ જ નહી દરરોજ દિવસ રાત વાંચ્યા કરતી હતી. હાલમાં તેની તૈયારી જોતા સહુ કોઈને તે આ વખતે પોલીસની પરીક્ષામાં નિશ્રીત રીતે પાસ થઈ જશે તેમ જણાતું હતું.

### આચાર્ય લોકેશજી, પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ અને વિવિધ ધર્મગુરુઓએ

# આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર પુરસ્કાર ૨૦૨૧નું વિતરણ કર્યું અને સંમેલનને સંબોધિત કર્યું

"વિશ્વમાં રહેતા દરેક માનવીને કેટલાક વિશેષ અધિકારો મળે છે, જે વિશ્વને એકસાથે બાંધે છે, દરેક વ્યક્તિનું રક્ષણ કરે છે, તેને વિશ્વમાં મુક્તપણે જીવવા દે છે. કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ કિંમતે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ, કોઈ સમસ્યા ન હોવી જોઈએ, દરેક વ્યક્તિ પોતાનું જીવન આનંદથી જીવી શકે, તેથી માનવ અધિકારોની રચના કરવામાં આવી. માનવ અધિકાર દિવસ લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. આત્મનિર્ભરતા સર્વગ્રાહી વિકાસ દ્વારા જ શક્ય છે, માત્ર એક કે બે ક્ષેત્રોમાં સારું કામ કરવું પૂરતું નથી, પરંતુ તમામ ક્ષેત્રોનો વિકાસ જરૂરી છે, જેમાં માનવતાનો વિકાસ પણ સર્વગ્રાહી રીતે થવો જોઈએ." સુરેશ પ્રભુ કહે છે. આંતરરાષ્ટ્રીય માનવાધિકાર દિવસ નિમિત્તે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ હ્યુમન રાઈટ્સ, લિબર્ટીઝ એન્ડ સોશિયલ જસ્ટિસ દ્વારા આયોજિત 'ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ ઓનર ૨૦૨૧'ના વિતરણ સમારોહ બાદ કોન્ફરન્સ દરમિયાન પોતાના નિવેદનમાં તેમણે આ વાક્ય કહ્યું હતું. આ પ્રસંગે વિશ્વ શાંતિ રક્ષક ડૉ. આચાર્ય ડૉ.લોકેશજી, બૌદ્ધ બિક્કુ સંઘસેનાજી, અખિલ ભારતીય ઈમામ સંગઠનના પ્રમુખ ઉમર અહેમદ ઈલ્યાસીજી અને મારવાહ સ્ટુડિયોના પ્રમુખ શ્રી સંદીપ મારવાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. માનવ અધિકાર એ એવા મૂળભૂત કુદરતી અધિકારો છે કે જેનાથી જાતિ, રાષ્ટ્રીયતા, ધર્મ, લિંગ વગેરેના આધારે મનુષ્યને વંચિત અથવા દલિત કરી શકાય નહીં. સમાજના તમામ વર્ગોએ એક થવું પડશે અને મુખ્ય ધારા સાથે જોડાવું પડશે, તો જ માનવ અધિકાર દિવસનો હેતુ સિદ્ધ થશે.બૌદ્ધ બિખ્ખુ સંઘસેનાજીએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ ૨૦૨૧ ની થીમ 'અસમાનતાઓ ઘટાડવા અને માનવ અધિકારોને આગળ વધારવી' છે. દેશ અને વિશ્વની સામાજિક અને રાષ્ટ્રીય સંસ્થાઓએ આગળ આવીને સમાજના તમામ વર્ગોને એક સાથે જોડવાનું કામ કરવું પડશે જેથી તમામ વર્ગો સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકશે. ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ઉમર અહમદ ઈલ્યાસીજીએ જણાવ્યું હતું કે, તમામ માનવીઓ સ્વતંત્ર, સમાન અને અધિકારોમાં સમાન છે. સમાનતા અને બિન-ભેદભાવના સિદ્ધાંતો માનવ અધિકારોના કેન્દ્રમાં છે. વ્યક્તિઓ, જૂથો દ્વારા પણ માનવ અધિકારોનું ઉલ્લંઘન થાય છે. તેથી લોકોએ વિવિધ માધ્યમો દ્વારા માનવ અધિકારોના કોઈપણ ઉલ્લંઘન સામે અવાજ ઉઠાવવાની જરૂર છે. મારવાહ સ્ટુડિયોના પ્રમુખ શ્રી સંદીપ મારવાહજીએ જણાવ્યું હતું કે, માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણા સ્ત્રી અને પુરૂષ વચ્ચે ભેદભાવ ન કરવાના સિદ્ધાંતને પુનઃપુષ્ટ કરે છે અને જાહેર કરે છે કે તમામ માનવીઓ સ્વતંત્ર જન્મે છે અને ગૌરવ અને અધિકારોમાં સમાન છે. લોકતાંત્રિક દેશોમાં માનવાધિકારને ખૂબ મહત્વ આપવામાં આવે છે અને દરેક વ્યક્તિ, પછી તે ગુનેગાર હોય કે યુદ્ધ કેદી હોય, તેને પોતાનો પક્ષ રજૂ કરવાની પૂરી તક આપવામાં આવે છે, આ સાથે, સજા ભોગવ્યા પછી પણ તેમને મૂળભૂત સુવિધાઓ ચોક્કસપણે આપવામાં આવે છે. આના પરથી આપણે અનુમાન લગાવી શકીએ છીએ કે આપણા જીવનમાં માનવ અધિકારોનું કેટલું મહત્વ છે.આ પ્રસંગે વિશ્વ શાંતિદૂત આચાર્ય ડૉ.લોકેશજી, ડૉ.રાજુ, ઁઉંઇછઞ, વિવિધ ધર્મગુરુઓ, ઉપસ્થિત મહાનુભાવોએ દેશના પ્રથમ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, તેમના પત્ની અને તમામ અગિયાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી અને મૌન પાળ્યું હતું.

### શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના અમરાવતી ખાતે

# ગોકુલમ્ ગૌરક્ષા સંસ્થાના સહયોગથી ૨૨મો નિઃશુલ્ક, મેગા પશુ સારવાર કેમ્પ.૧૫૦ ડોકટરોની ટીમ સેવા આપશે

ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણા જગતના સર્વ જીવો પ્રત્યે વહેતી આવી છે. સર્વ જીવ સૃષ્ટિના રક્ષણનો બોધ જેમણે આપ્યો છે તેવા શ્રી મહાવીર સ્વામીના ઉપદેશનું આંશીક અનુસરણ કરવા પૂર્વક શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના અમરાવતી ખાતે ગોકુલમ્ ગૌરક્ષા સંસ્થા તેમજ લાભાર્થી પરિવાર શ્રીમતી માલાબેન વિજયભાઈ દોશી અને શ્રીમતી મીરાબેન હેમીરભાઈ દોશીના સહયોગથી ૨૨મા નિઃશુલ્ક પશુ સારવાર કેમ્પનું આયોજન કરાયું છે.

આ કેમ્પ દરમ્યાન આશરે ૨૫ થી ૩૦ ગામના અંદાજીત ૨૦૦૦ પશુઓને સારવારનો લાભ મળશે. વેટરનરી કોલેજ તેમજ પોલીકલીનીકના ૧૫૦ ડોકટરો તેમજ રાજકોટથી એનીમલ હેલ્પલાઈનના ડોક્ટરો તેમજ તેમના મદદનીશો સેવા આપશે. ગૌ આધારીત પંચગવ્ય પ્રોડકટસ કે જેનાથી કોઈ આડઅસર થતી નથી , અલગ અલગ રોગો જેવા કે કેન્સર, સાંધાના દુઃખાવા, મણકાના દુઃખાવાથી બચવા ખૂબ ઉપયોગી છે, તેના સ્ટોલ તથા ફૂટ ફેસ્ટીવલ સ્ટોલ નાંખવામાં આવશે જે દ્વારા કેમ્પમાં ઉપસ્થિત રહેનાર લોકોને આ અંગેની માહિતી આપવામાં આવશે.

જીવદયાના આ મેગા કેમ્પને શુભેચ્છા પાઠવવા માટે સમગ્ર ભારતમાંથી રાજકીય ક્ષેત્રાના વિવિધ મહાનુભાવો તેમજ જીવદયાના અનેકવિધ શ્રેષ્ઠીઓ ખાસ ઉપસ્થિત રહેશે. કેમ્પમાં માંદા પશુની સારવાર, પ્રજનન સંબંધી બીમારીની સારવાર, કૃમિનાશક ઉપચાર (ડી-વોર્મિંગ), રક્ત પરીક્ષણ સોનોગ્રાફી, શસ્ત્રક્રિયા (સર્જરી કોઈપણ પ્રકારની ગાંઠ, હરણીયા, પ્લાસ્ટીક કોથળી, આંખ, શીંગડાનું કેન્સર, હાડકાનું ફેંકચર ઈત્યાદી) સહીતની સારવાર નિઃશુલ્ક કરાશે. સાથમાં પશુઓ માટે જયપુર ખાતે ફુટ કેમ્પ પણ યોજાશે. રવીવાર, તા. ૧૯/૧૨/૨૦૨૧ ના રોજ સવારે ૯-૦૦ થી ૬-૦૦ સુધી ગોકુલમ્ ગૌરક્ષા સંસ્થાન, ચંદુર બઝાર રોડ, નંદુર, ગામ અમરાવતી (મહારાષ્ટ્ર) ખાતે યોજાયેલા આ મેગા, નિઃશુલ્ક પશુ સારવાર કેમ્પને સફળ બનાવવા જયેશભાઈ શાહ(જરીવાલા) (મો.૯૯૨૦૪ ૯૪૪૩૩), ભરતભાઈ મહેતા (મો.૯૩૨૨૨૨૨૯૨૮), અશોકભાઈ લોઢા (મો.૯૮૨૦૨૭૪૬૨૦), હિતેશભાઈ સંઘવી (મો.૯૮૭૦૦ ૪૩૨૭૨), મ ન ી ષ ા શાહ(મો.૯૮૨૦૦૪૩૪૨૧) તેમજ શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટની સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.



ચાણસ્મા તાલુકાના મીઠી ધારિયાલ ગામમાં ગોગા મહારાજના સાનિધ્યમાં છઠ્ઠ પાટોત્સવ મહોત્સવ દરવર્શેની માફક ચાલુ સાલે પણ યોજવામાં આવેલ આ ધાર્મિક કાર્યમાં ના યજમાન ગોવિંદભાઈ તથા કનુભાઈ તેમજ હિરાભાઈ મણિભાઈ પટેલ પરિવાર તરફથી ભાગ લેવા માં આવેલ કર્મકાડી ભુદેવો શાસ્ત્રોગત મંત્રોચ્ચાર સાથે સવારથી સાંજ સુધી પુજા અર્ચના કરવામાં આવેલ સાંજે ૫/૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવેલ ત્યારબાદ ગોગા મહારાજ ની તથા ચેહર માતાજી ની આરતી રમઝટ બોલાવેલ આ પ્રસંગે મોટીસંખ્યામાં ભક્તો આમંત્રિતો મહેમાનો કુટુંબીજનો મિત્રો ગામના દર્શન કરીને ધન્યતા અનુભવેલ ત્યારબાદ પ્રસાદી લય ધન્યતા અનુભવેલ આ પ્રસંગે ગોગા મહારાજ અને ચેહર માતાજી ની જય? બોલાતી આજના કળિયુગમાં પણ ધાર્મિક પ્રસંગો નું મહત્વ અકબંધ જોવા મળે છે

### દિવ્ય કાશી ભવ્ય કાશી કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાના આહવા ખાતે

# કળશ યાત્રા કાઢી દંડેશ્વર મહાદેવ મંદિર ખાતે ભગવાન શિવને જળાભિષેક કરી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ ભોલેનાથના આશીર્વાદ મેળવ્યા



કાશી (વારાણસી) ખાતે તા.૧૩/૧૨/૨૦૨૧ ના દિને × કાશી વિશ્વનાથ ધામ × નું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થનાર લોકાર્પણ નિમિત્તે આજ રોજ આહવાના ભાવિક ભક્તોને પણ ભગવાન મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી વહેલી સવારે ક્રાંતીનગરના હનુમાન મંદિરથી ૫૦ જેટલી બહેનો દ્વારા માટે કળશ મૂકી કળશ યાત્રા નો શુભારંભ થયો અને મુખ્ય રસ્તા થઈને દંડકેશ્વર મહાદેવ મંદિર દેવલપાડા ખાતે ભગવાન શિવને જળાભિષેક કરી યાત્રાનું સમાપન કર્યું. ડાંગ ભાજપા પ્રમુખ શ્રી દશરથભાઈ પવાર, મહામંત્રી શ્રી હરિરામભાઈ સાવંત, ઉપપ્રમુખ ગિરીશભાઈ મોદી,ઉપ પ્રમુખ દક્ષાબેન પટેલ, આહવા મંડલ પ્રમુખ સંજયભાઈ વ્યવહારે, મંડલ મહામંત્રી સતિષભાઈ સૈદાણે, કાર્યાલય મંત્રી મેરીશભાઈ પવાર, જિલ્લા અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ પ્રવિણભાઈ આહિરે અને મહામંત્રી બાળુભાઈ ગવળી, વઘઈ તાલુકા પ્રભારી સંજયભાઈ પાટીલ, યુવા મોરચા મહામંત્રી આઝાદસિંહ બઘેલ, આહવા મહિલા મોરચા પ્રમુખ રેખાબેન પટેલ, શકિત કેન્દ્ર પ્રમુખ હરિચંદભાઈ ભોયે, જિલ્લા બક્ષીપંચ મોરચા મહામંત્રી મુકુંદ પવાર, માજી આહવા તાલુકા પંચાયત પ્રમુખ નરેશભાઈ ગવળી, આહવા તાલુકા ઉપપ્રમુખ મહેંદ્રભાઈ ગવાંદે, ક્રિષ્ણાભાઈ પવાર, અનિલભાઈ ભગરે અને મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યાં.

આહવા ડાંગ,નરેન્દ્ર પવાર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.